**સુવિચાર**

દ્રષ્ટિવાન ચાલતાં ચાલતાં આંખ બંધ કરે તો પડ્યા વગર ન રહે અને સુરદાસજી ચાલતાં ચાલતાં પણ ન પડે તેમાં જાગૃતિ જ કારણ છે.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૯/૦૧/૨૦૨૫, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



SINCE 1999
હરિ ૐ PENDAWALA
એકાદશી નિમિત્તે
ફરાળી પેટીસ
ફરાળી ખિચડી
આખો દિવસ ગરમા ગરમ મળશે
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પલેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ પોષ સુદ-૧૦ વર્ષ : ૧૬ અંક : ૦૨૪



પથરી - પ્રોસ્ટેટ
કીડનીની તકલીફ ?
ડો.જય માકડીયા
યુરોલોજીસ્ટ
નિઃશુલ્ક નિદાન કેમ્પ
તારીખ : ૦૯-૦૧-૨૦૨૫,ગુરૂવાર
સમય બપોરે ૦૩:૦૦ થી ૦૬:૦૦
નોંધઃ નામ નોંધાવવુ ફરજીયાત છે.
કીડની
પ્રોસ્ટેટ
પથરી
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,મો.૯૯૭૮૨ ૨૩૦૦૦


## નાયબ દંડકને ૨૪ કલાકમાં જાહેરમાં ચર્ચા કરવા થયેલ પડકારનો સમય પૂર્ણ થતાં

# અમરેલીનાં ડો. જીવરાજ મહેતા ચોકમાં વિપક્ષી નેતાઓનું હલ્લાબોલ

- ભાજપનાં કાર્યકરોએ વાયરલ કરેલ લેટરમાં જે આક્ષેપો કર્યા તે સાચા છે કે ખોટા તેની ચર્ચા કરવા નાયબ દંડકને પડકાર ફેંકાયો હતો
- એક તરફ નિર્દોષ યુવતીને અપમાનિત કર્યાની ઘટના વચ્ચે પોલીસ અને નાયબ દંડક પર થયેલ આક્ષેપોની ચર્ચા શરૂ
- પૂર્વ ધારાસભ્ય પરેશ ધાનાણીએ શહેરીજનો સમક્ષ નાયબ દંડક ઉપર જાહેરમંચ ઉપરથી ગંભીર આક્ષેપો કર્યા
- જિલ્લા કોંગી પ્રમુખ પ્રતાપ દુધાત, જેનીબેન ઠુંમર, પૂર્વ સાંસદ, ડી.કે. રૈયાણી સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા






અમરેલી, તા. ૮

અમરેલીનાં બહુચર્ચિત લેટરકાંડ અને બાદમાં થયેલ આરોપીઓ અને ખાસ કરીને યુવતી ઉપર કથિત મારામારી, સરઘસ, રાત્રિનાં અટકાયત સહિતનાં મુદાને લઈને રાજયભરમાં દેકારો મચ્યો છે. તેવા સમયે ભાજપનાં નેતા અને નાયબ દંડક ઉપર લેટરમાં ભાજપનાં કાર્યકર્તાઓ ધ્વારા થયેલ ગંભીર આક્ષેપોને લઈને મામલો કડકડતી ઠંડીમાં ગરમાયો છે.

જે અંતર્ગત અમરેલીનાં પૂર્વ ધારાસભ્યએ મંગળવારે સાંજે નાયબ દંડકને મીડિયા મારફત સંદેશ પાઠવેલ કે તમારા સામે તમારા જ પક્ષનાં કાર્યકર્તાઓએ જે ગંભીર આક્ષેપો કર્યા છે તેની જાહેરમાં ચર્ચા કરવા ડો. જીવરાજ મહેતા ચોકમાં ૨૪ કલાકમાં આવો. પરંતુ તે સમય આજે સાંજે પૂર્ણ થતાં પૂર્વ ધારાસભ્ય સહિતનાં આગેવાનોએ જાહેર સભા સંબીધીને નાયબ દંડક અને સરકાર સામે આકરા પ્રહારો કર્યા હતા.

આ તકે જિલ્લા કોંગી પ્રમુખ પ્રતાપ દુધાત, પૂર્વ પ્રમુખ ડી.કે. રૈયાણી, પ્રદેશ મહિલા કોંગ્રેસ પ્રમુખ જેનીબેન ઠુંમર, પૂર્વ સાંસદ સહિત સૌ આગેવાનો અને મોટી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

બનાવનાં પગલે પોલીસ ધ્વારા ચાંપતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

## જનતાને ગેરમાર્ગે દોરવાનું બંધ કરવા કોંગી અગ્રણીની માંગ

# લે બોલ : સાવરકુંડલાની બાંધકામ એજન્સી બ્લેકલીસ્ટ થયા બાદ ગણતરીની કલાકોમાં જ વ્હાઈટલીસ્ટ થઈ જતાં આશ્ચર્ય

## નામ લીધા વગર ભાજપનાં કદાવર જનપ્રતિનિધિને વેધક પ્રશ્ન કર્યો

સાવરકુંડલા, તા. ૮

સાવરકુંડલા તાલુકાના ગામડામાં ચુંટાયેલ પ્રતિનિધિ જાહેર પ્રેસનોટમાં કહે છે કે અર્થ ઈન્ફ્રાસ્ટ્રકચર નામની એજન્સીને બ્લેકલીસ્ટ કરેલ છે અને આજ એજન્સી હાલમાં કઈ રીતે કામ કરી શકે તેવા પ્રશ્ન સાવરકુંડલા તાલુકા કોંગ્રેસ પ્રમુખ નરેશ દેવાણીએ કરેલ છે.

તેઓએ જણાવેલ છે કે, સાવરકુંડલા તાલુકાના પીયાવાથી ધાર અને અન્ય રોડ ર વર્ષ કરતા વધુ સમયથી કામ ન કરતા એજન્સીને બ્લેકલિસ્ટ કરેલ તેવું એક ચુંટાયેલ પ્રતિનિધિ જાહેર પેપરમાં પ્રેસનોટ આપે છે અને જેમાં કહેલ કે એજન્સી અર્થ ઈન્ફ્રાસ્ટ્રકચર– અમદાવાદ નામની એજન્સીને બ્લેકલીસ્ટ કરેલછે. હવે આજ એજન્સીએ હાલમાં પીયાવાથી ધાર રસ્તાનું કામ ચાલુ કરેલ છે. તો બ્લેક લીસ્ટ થાય બાદમાં તે એજન્સી સરકારી કામ ના કરી શકે તેમને બ્લેક લીસ્ટ કહેવાય. જયારે આ એજન્સી અત્યારે કેમ કામ કરી શકે અને ચાલુ કામના ચુંટાયેલ પ્રતિનિધિ ફોટા પણ પાડે છે તો આ બ્લેકલીસ્ટ એજન્સી કામ કઈ રીતે કરી શકે? ફકત લોકોને ગુમરાહ કરવાનું કાર્ય કરી રહ્યા છો તે ખુબ જ નિંદનીય કહેવાય. પહેલા કહો છો કે કામ


**અનુસંધાન પાના ૬ ઉપર**




અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર...
મેગાસીટીમાં થતા ફુવારા પધ્ધતિ (TOPICAL TACHENIQUE) દ્વારા
અમેરીકન કોલ્ડ ફેકો-લેસર ટેકનોલોજી થી મોતીયાના ટાંકા વગર ઓપરેશન...
ઉચ્ચ કક્ષાના નેત્રમણીની સુવિધા હવે અમરેલીમાં...
DIABETIC તથા HARD (પથ્થરીયા) મોતીયા માટે ખાસ આર્શિવાદરૂપ
દ્રષ્ટિ આંખની હોસ્પિટલ
ડો.અભિષેક ઠાકર
રોયલ કોમ્પ્લેક્ષ, ચિત્તલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૧૬૨૭, ૨૩૩૫૬૫
અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર Cash-less Hospital
નીચેની તમામ કંપનીના વીમા ધારકોનાં આંખનાં તમામ ઓપરેશનો જેમકે મોતિયો (ઉચ્ચ નેત્રમણી) સાથે, વેલ, ઝામર, નાસુર વગેરે તદન ફ્રી (કેશ લેસ) કરી આપવામાં આવશે.
STAR
TATA AIG INSURANCE WITH YOU ALWAYS
Medi Assist
Medi Assist Insurance TPA Pvt. Ltd.
SBI general INSURANCE
care
RELIANCE Health Insurance
BAJAJ Allianz



૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
68,800/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૮/૦૧/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઇવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬



૧૫મી વાર્ષિક પુણ્યતિથિએ

શ્રધ્ધાંજલિ

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः॥



સ્વ. હીરાલાલ નાથાલાલ રૂપારેલ
સ્વ.તા. ૦૯-૦૧-૨૦૧૦

આપના પૂણ્યાત્માની દિવ્ય જયોતિનો પ્રકાશ અમોને સદૈવ આત્મબળ અને પ્રેરણા આપતો રહેશે.
એજ પ્રાર્થના સાથે પુણ્યાત્માને સદાય અમારા કોટિ કોટિ પ્રણામ...

આપની પ્રેમાળ સ્મૃતિમાં

કિરણભાઈ હીરાલાલ રૂપારેલ
આશાબેન કિરણભાઈ રૂપારેલ
નિરલ કિરણભાઈ રૂપારેલ
કેયુર કિરણભાઈ રૂપારેલ
રીના કેયુર રૂપારેલ
શ્રધ્ધા નિરલભાઈ રૂપારેલ
આરવ નિરલભાઈ રૂપારેલ

મનોજભાઈ હીરાલાલ રૂપારેલ
કલ્પનાબેન મનોજભાઈ રૂપારેલ
દિયા-નિધિ એમ. રૂપારેલ

મિલાપભાઈ હીરાલાલ રૂપારેલ
વૈશાલીબેન મિલાપભાઈ રૂપારેલ
જીનલ કૃણાલકુમાર જોષી
દ્રષ્ટિ એમ. રૂપારેલ

સ્વ. શૈલેષકુમાર હીરાલાલ રૂપારેલ
ગં.સ્વ.પ્રિતીબેન શૈલેષકુમાર રૂપારેલ
યશ શૈલેષકુમાર રૂપારેલ

અમરેલી

અશ્વિનભાઈ હીરાલાલ રૂપારેલ
શીતલબેન અશ્વિનભાઈ રૂપારેલ
હેન્સી તપનકુમાર મૃગ
ક્રિશ એ. રૂપારેલ

રાજેશભાઈ હીરાલાલ રૂપારેલ
નેહાબેન રાજેશભાઈ રૂપારેલ
આયુષ રાજેશભાઈ રૂપારેલ

અમદાવાદ

## માટી પગા રાજકીય આગેવાનો પાસે એકપણ સમસ્યાનું સમાધાન જ નથી

# અમરેલી જિલ્લાનાં રાજકીય આગેવાનોની હુંસા-તુંસીથી વિકાસ રૂંધાયો

**જિલ્લાની ધરતી અને જનતાનું કલ્યાણ કરવાને બદલે આપસી લડાઈ અને આક્ષેપ-પ્રતિઆક્ષેપમાં વ્યસ્ત**

**દીર્ઘદ્રષ્ટિ અને વિશાળ હૃદયનાં અભાવે રાજકીય આગેવાનોને તેમના પદને પ્રતિષ્ઠા આપવાની ખબર જ નથી**

**આઝાદીનાં ૭૫ વર્ષ બાદ પણ જિલ્લાને અધોગતિમાં ધકેલવાનું પાપ રાજકીય આગેવાનોએ કર્યુ છે**

**એકપછી એક રાજકીય આગેવાનો ઘરની તિજોરી છલોછલ કરવામાં જ વ્યસ્ત જોવા મળે છે**

સાવરકુંડલા, તા. ૮

અમરેલી જીલ્લાની પાવન અને પૌરાણિક ભુમીએ સતિયુગ દ્વાપર ત્રેતા અને કળિયુગનાં સમય સુધી અહીની માટીની ખમિરાત અમિરાત દૈવત્વ એ દુનિયાનાં દરેક પ્રાંત અને પરગણા કરતાં અલગ હતી. આ પાવન અને પુણ્યશાળી ભુમીએ અનેક સંતો, શુરવીરો, દાતારો, ભકતો અને કવીઓ, કલાકારો અને કુશળ કારીગરો અને આખાં રાષ્ટ્રને દિશા સુચવે તેવાં મહાન રાજકીય મહાનુભાવોની આ જન્મદાત્રી સમાન ભુમી કે શોર્યનું પ્રતિક ગાંડી ગીરનાં સાદુળા સાવજો ગણાય અને શુરવીરતા સંસ્કાર સંસ્કૃતિ, પ્રકૃતિ, સમર્પણ, શોર્ય, સંતો, ભકતો અને કવીઓ, કલાકારો અને કુશળ કારીગરો અને રાજકીય મહાનુભાવોનાં અજર અમર ઈતિહાસને પોતાના કોઠામાં રાખી પોતાનાં ઉજળા ઈતિહાસ અને પોતાની વિરાસતને આદિકાળથી વિની અટારીએ શોભાવનાર આ ભુમીમાં ખુદ પાંચ પાંડવોને પણ અજ્ઞાતવાસ દરમ્યાન આશરો આપનાર આ દૈવત્વવાળી ભુમી આજે જાણે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે ઝઝુમી રહી હોય તેવું ડગલે ને પગલે પ્રતિત થઈ રહ્યું છે. કેમ કે પૌરાણિક સમયમાં જયારે વિજ્ઞાન અને ટેકનોલોજીનું કોઈ પણ પ્રકારનુ અસ્તિત્વ નહતું અને જયારે શિક્ષણ અને કેળવણીનું કોઈ વજુદ ન હોતું છતાં પણ ત્યારનાં રાજકીય સામાજિક અને દરેક ક્ષેત્રનાં વરિષ્ઠ મહાનુભાવોની આગવી કોઠાસૂઝ અને વતન પ્રત્યેનાં અનહદ પ્રેમ વાત્સલ્ય અને ભાઈચારો અને એક બીજા પ્રત્યેની વિશેષ લાગણી અને અદભૂત સંવેદનશીલતા એ અમરેલી જીલ્લાની આગવી ઓળખ હતી અને વતનના વિકાસની વાતે સૌ સાથે મળીને એક બીજાનાં પુરક બનતા અને કોઈ પણ પ્રકારની આફતોને પણ અવસરમાં બદલાવાની તાકાત આ જીલ્લાનાં શ્રેષ્ઠીઓ રાખતા. ત્યારે આજે આવી અલબેલી ભુમીને આજે આ કળિયુગનાં કાળોતરા સર્પે જાણે ભરડામાં લીધી હોય તેમ આજે દરેક ક્ષેત્રે કિન્નાખોરી મારૂં તારૂં અને વ્હાલા દવલા અને જ્ઞાતિ જાતિનાં વાડાઓ અને હું જ સર્વેસર્વાની લડાઈ લડવાની મેલી મુરાદ આજે લાખો માનવીઓ અને સમગ્ર અમરેલી જિલ્લાની ઉજળી પરંપરાને કલંકિત કરી રહ્યા છે. તેટલું જ નહી પરંતુ આપણાં પરગણાનાં મહાન રાજકીય મહાનુભાવો, સંતો–મહંતો, વિધ વિધ ક્ષેત્રનાં શ્રેષ્ઠીઓના સમર્પણો આગવી વિચારધારા સંપ અને સંપુર્ણ સંકલનથી જીલ્લાનાં સર્વાંગી વિકાસનાં સ્વપ્નનો જોનારા મહાપુરૂષોનાં સ્વપ્નનોને ધુળમાં મેળવી રહ્યા છે. ત્યારે આજે વિનો માનવી ચંદ્ર પર ડગલાં માંડી ચુકયો છે અને દુનિયા એકવીસમી સદી તરફ પ્રયાણ કરી રહી છે. આજે ભારત જેવો દેશ શિક્ષણ, વિજ્ઞાન અને ટેકનોલોજીમાં સમગ્ર વિમાં અવ્વલ નંબરે ઉભરવા તત્પર બની ચુકયો છે તેવાં અતી સાનુકૂળ સમયે અમરેલી જિલ્લાનાં રાજકીય મહાનુભાવોનાં અંદરો અંદરનાં વેરઝેર, કિન્નાખોરી અને રાગદ્વેષનાં કારણે અમરેલી જિલ્લો અને જીલ્લાની જનતા માટે વિકાસ એ દિવા સ્વપ્ન સમાન થઈ રહ્યો છે. ત્યારે હાલ પોતાને મળેલ પદ, પ્રતિષ્ઠા અને અને લોકો એ અનેક આશા અપેક્ષા સાથે સોંપેલ જવાબદારી અને યશસ્વી પદની ગરિમાને કલંકીત કરવા જાણે દરેક પક્ષનાં રાજકીય મહાનુભાવો બાવરા બની એકબીજાની રાજકીય, સામાજિક અને સહકારી કારકિર્દીને ખતમ કરવા એડીચોટીનું જોર લગાવી રાત દિવસ એક કરી અવનવાં કૌભાંડો અને ષડયંત્ર રચી આક્ષેપ પ્રતિઆક્ષેપો કરવામાં મસ્ત બની બિલકુલ છિછરી માનસિકતાનું ખુલ્લેઆમ પ્રદર્શન કરી એક વખત જે પરગણાની આન, બાન અને શાન આસમાનની ફલક પર ઉડતી અને સમગ્ર રાષ્ટ્રને દિશા સુચવતા આપણાં પરગણાને રાજકીય અખાડો બનાવી સમગ્ર રાષ્ટ્રમાં અમરેલી જિલ્લાની આબરૂનાં ચોમેર ધજાગરા ઉડાવી રહ્યાં છે. ત્યારે આવી કટોકટીનાં અને રાજકીય મહાનુભાવોનાં અંદરોઅંદરનાં વૈમનસ્ય અને કિન્નાખોરીનાં કારણે અમરેલી જિલ્લાનો સર્વાંગી વિકાસ નહી પણ સમગ્ર અમરેલી જિલ્લો સમગ્ર દેશમાં દિન પ્રતિદિન બિલકુલ અલ્પ વિકસીત બનતો જાઈ છે અને આગવી ઓળખ ધરાવતો અમરેલી જિલ્લા સહિત અહીંના લાખો માનવીઓનાં ઉજજવળ ભવિષ્ય જીવન મરણની કગાર ઉપર ઉભાં રાખી દિધા છે અને જીલ્લાનાં છેવાડાના માનવી અને વિસ્તાર સુધીનો વિકાસ એ દિવાસ્વપ્ન સાબિત થઈ રહ્યો છે. ત્યારે આજે આવાં અતી સુવર્ણ અને મોસાળમાં જમણ અને માં પીરસણે હોય તેવાં બિલકુલ સાનુકૂળ સમયે જો અમરેલી જીલ્લાની જનતા માત્રને માત્ર નેતાઓનાં સંકલનનાં અભાવથી વિકાસથી વંચિત રહેશે તો ચોક્કસ જનતાનો લોકશાહી પરથી વિસ ઉઠી જશે અને અમરેલી જિલ્લાનાં જન જનની સુખાકારી માટે પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરી રાત દિવસ એક કરી જીવનનાં છેલ્લાં ાસ સુધી જીલ્લાને ઉન્નતી પર લઈ જવાં જજુમનાર આપણાં જીલ્લાનાં સ્વપ્નદ્રષ્ટાઓની આત્માઓને પણ ઠેસ પહોંચશે. ત્યારે હાલનાં સોનેરી સમયનો સદુપયોગ કરી સૌ રાજકીય મહાનુભાવોની અંદરો અંદરની રાજકીય કિન્નાખોરી અને તાણાવાણા અને ષડયંત્ર અને રાજકીય કાવાદાવા કરવામાં પોતાની બળ, બુદ્ધિ, સામર્થ્ય અને સમય, સંપત્તિનો ઉપયોગ કરે છે તેટલો ઉપયોગ જીલ્લાનાં વિકાસ કરવા માટે કરે તો નક્કી અમરેલી જિલ્લાનો સર્વાંગી વિકાસ થાય અને જીલ્લામાં સર્વ પ્રકારની સુખાકારી અને જીલ્લામાં નક્કી સોનાનો સૂરજ ઉગે અને જીલ્લાની જનતા આસમાનની ફલક પર ઉડાન ભરી શકે. ત્યારે માત્રને માત્ર સત્તાને સેવાનું માધ્યયમ ગણી પક્ષાપક્ષી, કિન્નાખોરી, હું જ સર્વેસર્વાની ભાવનાથી દુર રહી જે કોઈ વ્યકિતને જનતાએ યશસ્વી પદે બેસાડયાં છે કે ભુતકાળમાં બેસાડયાં હતાં કે હવે પછી જે લોકો યશસ્વી પદે બિરાજમાન થવા ઈચ્છુક હોય તેવાં સર્વે શ્રેષ્ઠીઓ એકબીજાનાં પગ નહી પણ હાથ ખેંચે અને એક બીજાનાં પુરક નહી બને તો સતીયુગથી કળિયુગ સુધી અને રાજાશાહીથી આઝાદી કાળ અને લોકશાહી સુધી અમરેલી જિલ્લાનો મધ્યાહને તપતો સુર્ય નક્કી અસ્તાચળે જશે જેનાં જવાબદાર પણ દરેક રાજકીય મહાનુભાવો જ ગણાશે. તેવી અખબારી યાદીમાં અશોકસિંહ તલાટીયા જણાવે છે.

## એસપીની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

# રાજુલામાંથી દીયોદર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુન્હાનાં આરોપીની અટકાયત કરાઈ

**દીયોદર પોલીસ સ્ટેશનને આરોપીને સોંપી દેવાની તજવીજ શરૂ**



રાજુલા, તા. ૮

રાજુલા પો.સ્ટેના પો.ઈન્સ. વી. એમ. કોલાદરાની રાહબારી હેઠળ રાજુલા પો.સ્ટે.ના સર્વેલન્સ સ્કોડની ચોક્કસ બાતમી આધારે બનાસકાંઠા જીલ્લાના દીયોદર પો.સ્ટે.ના ગુન્હાના કામે આરોપી નાસતો ફરતો હોય અને એડી.ચીફ.જયુ.મેજી.ની કોર્ટ, દીયોદરનુ બી.એન.એસ.એસ. કલમ ૭૨ મુજબનુ વોરંટ ઈશ્યુ કરેલ હોય. જેથી મજકુર ઈસમ પોતાની કાયદેસરની ધરપકડ ટાળ વા છેલ્લા આઠેક મહિનાથી નાસતા ફરતાં આરોપી પ્રતાપભાઈ સોલંકી રહે. રાજુલાને રાજુલા ટાઉનમાંથી ચોકકસ બાતમી આધારે શોધી કાઢી બી.એન.એસ.એસ. કલમ ૩૫(૧)(જે) મુજબ કાર્યવાહી કરી દીયોદર પોલીસ સ્ટેશન જી. બનાસકાઠા પો.સ્ટે.ને સોંપી આપવા તજવીજ કરેલ છે.

વોન્ટેડ પકડાયેલ આરોપીની વિગત : પ્રતાપભાઈ ઉર્ફે બાવલો પુનાભાઈ સોલંકી.

રાજુલા પો.સ્ટેના પો.ઈન્સ. તથા સર્વેલન્સ સ્કોડના અના. એ.એસ.આઈ. મધુભાઈ નથુભાઈ પોપટ તથા હેડ કોન્સ. હરપાલસિંહ વિક્રમસિંહ ગોહિલ તથા હેડ કોન્સ. હરેશભાઈ ભાયાભાઈ વાળા તથા હેડ કોન્સ. મનુભાઈ રામભાઈ માંગાણી તથા હેડ કોન્સ. હરેશભાઈ નાનજીભાઈ બાંભણીયા તથા પો.કોન્સ. મહેશભાઈ ગણેશભાઈ બારૈયા તથા પો.કોન્સ. રવિરાજભાઈ બાબુભાઈ વરૂ તથા પો.કોન્સ. ઘનશ્યામભાઈ હસમુખભાઈ મહેતા તથા પો.કોન્સ. પરેશભાઈ મનુભાઈ દાફડા વિ. પોલીસ સ્ટાફ દ્વારા કરવામાં આવેલ છે.

## ફોરેસ્ટ ગાર્ડ સિંહને ડચકારા કરી ટ્રેક ઉપરથી હટાવ્યો

# દામનગરમાં રેલ્વે ફાટક નજીક ટ્રેક ઉપર પસાર થઈ રહેલ સિંહને દૂર કરાયો

**અન્ય એક બનાવમાં પણ વનકર્મીએ સિંહને બચાવ્યો**



અમરેલી, તા. ૮

અમરેલી જિલ્લામાં એશિયાટિક સિંહનો વસવાટ હોય, તેમ છતાં પણ છાશવારે સિંહોના અકસ્માતે મોત નિપજતા હોય, ત્યારે રેલ્વે ટ્રેક નજીક આસપાસ વસવાટ કરતાં સિંહો પણ રેલ્વે ટ્રેક ઉપર આવી જતાં હોય, તેવા સિંહોને બચાવવા વન વિભાગ તથા રેલ્વે વિભાગ પ્રયત્નો કરી રહ્યા છે ત્યારે બે દિવસ પહેલા બપોરના ત્રણેક વાગ્યાના સુમારે એક સિંહ રેલ્વે ટ્રેક નજીક આવી જતાં તે ટ્રેન હડફેટે આવે તે પહેલાં જ ફોરેસ્ટ વિભાગના બીટગાર્ડ દ્વારા આ સિંહને લાકડી વડે રેલ્વે ટ્રેક પરથી દૂર કર્યો હતો. અને સિંહને બચાવી લેવાયો હતો. આ અંગેના બે વીડિયા સોશિયલ મીડિયામાં વાયરલ થયા હતા.

આ બનાવમાં દામનગર રેલ્વે ફાટક નંબર એલ.સી. ૩૧ પાસે બે દિવસ પહેલા બપોરના ત્રણેક વાગ્યાના સુમારે એક સિંહ રેલ્વે ટ્રેક ઓળંગતા હોય, ત્યારે આ બનવાની જાણ ફરજ પરના ફોરેસ્ટ ગાર્ડને થતાં તેઓ તાત્કાલિક આ રેલ્વે ટ્રેક ઉપર ગયા હતા. અને સિંહને પાલતુ ગાયની જેમ આ સિંહને ડચકારા કરી અને આ સિંહને લાકડી વડે રેલ્વે ટ્રેક પરથી દૂર કર્યો આ અંગેના બે વીડિયા સોશિયલ મીડિયામાં વાયરલ થયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત રાત્રે પણ એક સિંહ રેલ્વે ટ્રેક નજીક આવતા ફોરેસ્ટ દ્વારા આ ટ્રેઈન થોભાવી ઉભી રખાવી સિંહને રેલ્વે ટ્રેક નજીકથી દૂર કરાયો હતો.

## અમરેલીની એડિ.ચીફ કોર્ટ દ્વારા આદેશ

# બગસરાનાં ના.શ.સ.મં.લી.નાં બાકીદારને એક વર્ષની સજા

**મંડળીનાં બાકીદારોમાં ફફડાટ ફેલાયો**

બગસરા, તા. ૮

તાજેતરમાં બગસરા ના.શ.સ.મં.લી. શાખા રાજકોટ પાસેથી રૂા.૧,૦૦,૦૦૦/–નું ધિરાણ લઈ છુમંતર થયેલા રાજકોટમાં રહેતા બીનાબેન અનીતભાઈ પરમારે મંડળીને બાકી લ્હેણાની રકમ રૂા. ૧,૧૭,૪૭૩/– વસુલ આપવા ચેક આપેલ. જે ચેક પરત (બાઉન્સ) થતાં મંડળીનાં શાખા સેક્રેટરી જયદીપભાઈ ધીરૂભાઈ નાકરાણીએ અમરેલી ચીફ કોર્ટમાં ફોજદારી કેસ દાખલ કરતાં પુરાવાના અંતે અમરેલીના એડી.જયુ.મેજી.ફ.ક. કે.બી. પરમાર તરફથી આરોપીને એક વર્ષની કેદની સજા તથા અમરેલીના સીનીયર ધારાશાસ્ત્રી એ.સી.વરીયા રોકાયેલા હતા. તેમજ તેઓના આગામી અનુગામી મદદ કરતાં મહિલા ધારાશાસ્ત્રી ઉર્વીશા ગીરીશભાઈ સાકરીયાની મહેનત રંગ લાવી અને કાયદાની કાનુની રજુઆત થતાં કોર્ટે સજાનો હુકમ કરતાં મંડળીનાં બાકીદારોમાં ફફડાટ ફેલાવા પામેલ છે તેવું મંડળીની યાદી તરફથી જાણવા મળ્યું છે.

## વાડીએ કોઈ અકસ્માત થતાં

# જાફરાબાદનાં બલાણા ગામનાં ૨૫ વર્ષિય ખેડૂત યુવકનું કૂવામાં પડી જવાથી મોત થયું

**નાના એવા ગામમાં શોકનો માહોલ છવાયો**

અમરેલી, તા. ૮

જાફરાબાદ તાલુકાના બલાણા ગામે રહેતા છગન રામભાઈ બારૈયા નામના ૨૫ વર્ષિય ખેડુત ગત તા. ૭ના સાંજના પાંચેક વાગ્યાથી સાડા સાતેક વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે બલાણા ગામે પોતાની વાડીએ કોઈપણ કારણોસર અકસ્માતે વાડીના કુવામાં પડી જતા પાણીમાં ડુબી જવાથી તેમનું મોત થયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## મોંઘવારીનાં દિવસોમાં ચોરીનું પ્રમાણ વધ્યું

# લાઠીનાં પાડરશીંગા ગામની વાડીએથી ઈલેકટ્રીક કેબલ અને ઝટકા મશીનની ચોરી

**અજાણ્યા ચોર ઈસમની શોધખોળ શરૂ**

અમરેલી, તા. ૮

લાઠી તાલુકાના પાડરશીંગા ગામે રહેતા દિવ્યેશભાઈ મનસુખભાઈ સોજીત્રા નામના ૩૦ વર્ષિય ખેડુતની વાડીએથી તથા બીજા ખેડૂતની વાડીએથી ગતતા. ૪ના સાંજના આશરે સાતથી રાત્રીના આશરે અગિયારેક વાગ્યા દરમ્યાન ઈલેકટ્રીક કેબલ ફુટ ૫૩૦ કિંમત રૂપિયા ૧૮,૫૫૦ તથા ઝટકા મશીન કિંમત રૂપિયા ૨૫૦૦ તથા વાડીએથી ઝટકાની ચોટીઓ નંગ–૧૫ કિંમત રૂપિયા ૧૫૦ની મળી કુલ કિંમત રૂપિયા ૨૧,૨૦૦નો મુદામાલ કોઈ અજાણ્યો ચોર ઈસમ વાડીમાં ગુનાહિત અપપ્રવેશ કરી ચોરી કરી લઈ ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

## ક્યારેક સમાધાન કરવા જતાં પણ ડખ્ખો થાય

# ખાંભાનાં ધાવડીયા ગામે જમીનને લઈને માથાકૂટ ન કરવાનું કહેતા માથાકૂટ થઈ

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૮

ખાંભા તાલુકાના ધાવડીયા ગામે રહેતા રવજીભાઈ મનજીભાઈ ટાપણીયા નામના ૫૯ વર્ષિય ખેડુતે ધાવડીયા ગામે પાતળા રોડે તળાવવાળા ઢોરે આવેલ વડીલો પાર્જીત જમીન વિપુલભાઈ દુર્લભભાઈ હડીયાને વેચાણ દસ્તાવેજથી વેચેલ હોય અને જેથી તે જ ગામે રહેતા આરોપી રામજીભાઈ અરજણભાઈ ટાપણીયા જમીન ખરીદનાર વિપુલભાઈ સાથે માથાકુટ કરતા હોય. જેથી વિપુલભાઈએ રવજીભાઈ તથા તેમનાના મોટાભાઈ શંભુભાઈ મનજીભાઈ ટાપણીયાને ફોન કરી બોલાવતા ખેડૂત તથા શંભુભાઈએ આરોપીને વિપુલભાઈ સાથે માથાકુટ નહી કરવાનું કહેતા આરોપીએ છુટા પથ્થરના ઘા કરી ખેડૂતને જમણા હાથના અંગુઠાના ભાગે ઈજા કરી શંભુભાઈને જેમ ફાવે તેમ ગાળો આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## નારી તું નારાયણી માત્ર કહેવાની

# બાબરાનાં કોટડાપીઠા ગામની મહિલાને રાજકોટ ખાતે રહેતા સાસરિયાઓએ કાઢી મુકી

**કરિયાવર સહિતનાં પ્રશ્ને પરિણીતાને અન્યાય**

અમરેલી, તા. ૮

બાબરા તાલુકા કોટડાપીઠ ગામે રહેતી હેતલબેન ચંદુભાઈ દેવજીભાઈ રાઠોડને રાજકોટ ગામે રહેતા પતિ નિમેષ ઉપેન્દ્રભાઈ સિધ્ધપુરા, સાસુ કંચનબેન ઉપેન્દ્રભાઈ, નરસિંહભાઈ સિધ્ધપુરાએ અવાર નવાર ઘરકામ તથા કરીયાવર બાબતે મેણાટોણા મારતા હોય અને ગાળો આપતા હોય અને પરિણીતાના સાસુ તેના પતિને કહેતા કે તારી પત્નિને કાંઈ કામકાજ આવડતુ નથી એવુ કહી ચડામણી કરતા. જેથી તેણીના પતિએ તેણી સાથે ઝઘડો કરી પહેરેલ કપડે ઘરેથી કાઢી મુકેલ હોય તેમજ તેણીને કરીયાવર બાબતે તથા રૂપિયા પાંચ લાખ તારા બાપના ઘરેથી લઈ આવ તેમ કહી મારકુટ કરી પરિણીતાને શારીરિક અને માનસિક દુઃખત્રાસ આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

# ઢાંગલા પ્રાથમિક શાળામાં મધ્યાન ભોજન કેન્દ્ર શરૂ થયું

લીલીયા, તા. ૮

લીલીયા તાલુકાના ઢાંગલા પ્રાથમિક શાળામાં ચાલતા મધ્યાન ભોજન કેન્દ્ર નંબર ૧૪ના સંચાલક, રસોયા અને મદદનીશ દ્વારા રાજીનામું આપી દેતા ઘણા સમયથી આ મધ્યાન ભોજન કેન્દ્ર બંધ રહેલ હતું ત્યારે બાળકો પૌષ્ટિક ભોજનથી વંચિત રહેતા હતા જે બાબતની લીલીયા મામલતદાર કે.બી.સાંગાણીને જાણ થતા આ બાબતે અંગત રસ દાખવી અને બાળકો પૌષ્ટિક ભોજનથી વંચિત ન રહે તેવા શુભ હેતુથી આ મધ્યાન ભોજનમાં સરકારના નિયમ મુજબ ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ હોય જે અન્વયે આ મધ્યાન ભોજનમાં જગ્યા ભરતી થયેલ હોય જે પ્રક્રિયામાં તાલુકા વિકાસ અધિકારી, (TPO) તાલુકા શિક્ષણ અધિકારીની કમિટી દ્વારા સરકારના નિયમ મુજબ ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ અને આ મધ્યાન ભોજનને શરૂ કરવામાં આવેલ અને બાળકોને બપોરનું ભોજન સમયસર મળી રહે તેવા સુંદર પ્રયાસ લીલીયા મામલતદાર કે.બી.સાંગાણી દ્વારા કરવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## માંગરોળનાં કારેજ ગામનાં ઈસમ વિરૂધ્ધ ફરિયાદ

# પત્ની સાથે વાતચીત કરવાની ના પાડનાર પતિને જાનથી મારી નાખવાની ધમકી

**આરોપી દોઢ વર્ષથી સતત ફોન કરતા હતાં**

અમરેલી, તા. ૮

મોટી કુંકાવાવ હાઈસ્કુલ સામે રહેતા રણજીતભાઈ કાથડભાઈ ડવ નામના ૪૫ વર્ષિય આધેડ તથા તેના પત્નિ આજથી પાંચ વર્ષ પહેલા સાડી તથા ડ્રેસ વહેંચવાનો ધંધો કરતા હોય. તે વખતે માંગરોળ તાલુકાના કારેજ ગામે રહેતા આરોપી નરેન્દ્રભાઈ બાબુભાઈ કામળીયા કુંકાવાવ ખાતે આધેડના ઘરે આવેલ અને તેમને પણ સાડી તથા ડ્રેસ વહેંચવાનો ધંધો કરવો હોય. જેથી આધેડ પાસેથી સાડી તથા ડ્રેસ લેવા આવેલ અને આ રીતે આરોપી અવાર–નવાર આધેડના ઘરે આવતા આ રીતે ધંધા બાબતે આરોપી આધેડના પત્નિ સાથે ફોનમાં વાત કરતા હોય અને છેલ્લા દોઢેક વર્ષથી આધેડે આ ધંધો બંધ કરી દીધો હોય. તેમ છતા આરોપી ફોન કરી આધેડના પત્નિ સાથે વાત કરાવવાનું કહેતા હોય અને આધેડ કે તેમના પત્નિને હવે આ આરોપી સાથે કોઈ સંબધ ન હોય તેમ છતાં તેને આધેડેના પત્નિ સાથે વાત કરવી હોય અને વાત ન કરવા દેતા આધેડને ફોનમાં જેમ ફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## સબ ભૂમિ ગોપાલ કી સમજતાં દબાણકર્તાઓમાં ફફડાટ ફેલાયો

# બગસરામાં ગેરકાયદેસર બાંધકામો તોડી પડાયા

**સખી હોટલ સહિતનાં દબાણો ઉપર પાલિકાનું જેસીબી ફરી વળ્યું**

**અન્ય ૩ર જેટલા ઈસમોને દબાણ દૂર કરવા નોટિસ આપી દેવાઈ**

**ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા તમામ ગેરકાયદેસર દબાણો તોડી પાડવા માંગ**

**પ્રાંત અધિકારી અને ચીફ ઓફિસરનાં માર્ગદર્શનતળે દબાણ હટાવ કામગીરી**



તસ્વીર : સમીર વિરાણી-બગસરા

બગસરા, તા. ૮

બગસરામાં છેલ્લા ઘણા સમયથી તંત્ર દ્વારા જેતપુર રોડ પર થયેલ આડેધડ દબાણ દૂર કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જે અન્વયે આજે સખી હોટેલ પર બુલડોઝર ફેરવી દેવાયું હતું તેમજ અન્ય ૩ર દબાણ કરનારાઓને નોટિસ પાઠવી દેવામાં આવેલ છે.

બગસરામાં જેતપુર રોડ પર બાયપાસ નજીક આવેલ સખી હોટલના માલિક દ્વારા પોતાને જમીન કાયદેસર કરી આપવા માટે દાદ માગવા માટે દાવો કરેલ હોય. પરંતુ સરકારી જમીન પર દબાણ હોવાથી ત્રણ નોટિસ આપ્યા બાદ આજે તંત્રએ કોર્ટનો હુકમ આવે તે પહેલા ચીફ ઓફિસર દ્વારા સખી હોટલ તેમજ જેતપુર રોડ ઉપર અન્ય હોટલ અને અમુક દબાણ કરેલ જગ્યા પર બુલડોઝર ફેરવી નાખી જમીનને ખુલી કરવામાં આવેલ હતી. અગાઉ માર્ગ અને મકાન વિભાગ દ્વારા પણ જેતપુર રોડ પર દબાણ કરનારાઓ પર કાર્યવાહી કરવામાં આવતા તેમના દબાણો પણ ખુલ્લા થયા હતા. વધુમાં હુડકો વિસ્તારથી ભૂતનાથ મંદિર સુધીના રોડ પર અલગ અલગ રીતે થયેલ દબાણ દૂર કરવા માટે તંત્ર દ્વારા ૩ર દબાણ કરનારાઓને આજે નોટિસ પાઠવી દેવામાં આવેલ છે. તેમના દ્વારા જાતે દબાણ દૂર કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં ત્યાં પણ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે એવું ચીફ ઓફિસર નગરપાલિકા તથા પ્રાંત અધિકારી દ્વારા જણાવવામાં આવેલ છે. આ તકે ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ દિનેશભાઈ હડિયલ દ્વારા જેતપુર રોડ પર રહેલ તમામ દબાણો દૂર કરવા માટે માંગ કરેલ છે.

### ગીર કાંઠાનાં ગામોમાં રાની પશુઓની રંજાડ વધી

## દલખાણીયામાં ખેતરમાં પાણી વાળતાં ખેડૂત ઉપર કદાવર સિંહે કર્યો હુમલો

**ઈજાગ્રસ્ત ખેડૂતને સારવારમાં ખસેડાયા**

અમરેલી, તા. ૮

અમરેલી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં વન્યપ્રાણીની અવર-જવર સતત વધી રહી છે. તેમજ વન્ય પ્રાણીના હુમલાની ઘટનાઓમાં પણ વધારો થઈ રહ્યો છે. ત્યારે ધારીના દલખાણીયા ગામ નજીક ખેતરમાં પાણી વાળી રહેલા ખેડૂત પર સિંહે હુમલો કર્યો હતો. જેથી ખેડુતને ગંભીર ઈજા પહોંચતાં હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યાં હતા.



આ બનાવમાં ધારી તાલુકાના દલખાણીયા ગામે રહેતા બટુકભાઈ યાદવ નામના ખેડૂત આજે ખેતરમાં પાણી વાળી રહ્યા હતા. તે સમયે અચાનક એક કદાવર સિંહે આવીને ખેડૂત પર હુમલો કર્યો હતો. જેના કારણે ખેડૂતના પગના ભાગે તેઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ખેડૂતને પ્રથમ ધારી હોસ્પિટલમાં અને બાદમાં વધુ સારવાર માટે અમરેલી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં છે. આ ઘટનાની જાણ વનવિભાગને કરાતા રેન્જ અધિકારી સહિતનો સ્ટાફ પહોંચ્યા હતા અને તપાસ હાથ ધરી હતી. આ સિંહ હુમલો કરી અને હાલ કયાં વિસ્તારમાં ફરી રહ્યો છે તેનું વનવિભાગ દ્વારા સ્કેનિંગ શરૂ કર્યુ છે. તેમજ સિંહને પાંજરે પુરવા માટે અલગ અલગ ટીમો દ્વારા કવાયત હાથ ધરી છે. ધોળા દિવસે સિંહ દ્વારા ખેડૂત ઉપર હુમલો કરવાની ઘટનાથી આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ છવાયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સિંહો, દીપડા સહિત વન્ય પ્રાણીઓ જંગલ વિસ્તાર છોડી રેવન્યુ વિસ્તારમાંથી હવે ગામડાઓની શેરીઓમાં ।નની માફક લટાર મારી રહ્યા છે. તેવા સીસીટીવી ફૂટેજમાં પણ વન્યપ્રાણીઓની લટાર કેદ થઈ રહી છે. જેના વીડિયો અવાર નવાર સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યા છે.

### જિલ્લા સ્વનિર્ભર શાળાનાં અધ્યક્ષ તરીકે

## બાબરાનાં ગેલાણી વિદ્યાલયનાં ટ્રસ્ટી કાળુભાઇ ગેલાણીની વરણી

**શાળા સંચાલક મંડળ દ્વારા શુભકામના પાઠવાઈ**

બાબરા, તા. ૮

બાબરામાં વી એલ ગેલાણી વિદ્યાલયના મુખ્ય ટ્રસ્ટી અને અને જિલ્લા સ્વનિર્ભર શાળા સંચાલન મંડળમાં વર્ષોથી કાર્યરત દરેક ખાનગી શાળાને પુરતું માર્ગદર્શન માહિતી અને હૂંફ આપતા વરિષ્ઠ અગ્રણી કાળુભાઈ ગેલાણીની જિલ્લા સ્વર્ણિર્ભર શાળા સંચાલનના અધ્યક્ષ તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવતા બાબરા સહિત જિલ્લાની ખાનગી શાળાઓના સંચાલકો દ્વારા વરણીને આવકારી અભિનંદન પાઠવ્યા હતા.

અમરેલી ખાતે થોડા દિવસ પહેલા જિલ્લા સ્વનિર્ભર શાળા સંચાલન મંડળની કારોબારી બેઠક મંડળના પ્રમુખ હસમુખ પટેલના અધ્યક્ષ સ્થાને મળી હતી જેમાં અધ્યક્ષ તરીકે બાબરા વી એલ ગેલાણી વિદ્યાલયના ટ્રસ્ટી અને સિનિયર અગ્રણી કાળુભાઈ ગેલાણીની સર્વાનુમતે વરણી કરવા દરખાસ્ત કરવામાં આવતા તમામ કારોબારી સભ્યોએ વરણીને આવકારી અભિનંદન પાઠવ્યા હતાં.



### જાફરાબાદ-રાજુલા-ખાંભાને જોડતા

## બારમણથી બારપટોળી માર્ગનાં પ કિ.મી.નાં માર્ગને જોબ નંબર આપો

**ભાજપ અગ્રણી રવુભાઈ ખુમાણ સહિતની માંગ**

રાજુલા, તા. ૮

રાજુલા તાલુકાના બારપટોળી જૂની જાફરાબાદ તાલુકાના સરોવડા અને ખાંભા તાલુકાના નાના બારમણ પાંચ કિ.મી. રોડ ડામર કરવા માટે ગ્રામ્ય વિસ્તારના સરપંચને અનેક વખત રજૂઆત કરવામાં આવી છે. તાજેતરમાં પણ આ ત્રણ તાલુકાને જોડતો અને ટૂંકો રસ્તો હોવાથી રાજુલા તાલુકાના બારપટોળીથી જાફરાબાદ તાલુકાના સરોવરડા રસ્તો પહોળો કરવો તેમજ ખાંભા તાલુકાના બારમણ આમ જુની બારપટોળીથી સરોવરડા નાના બારમણ પાંચ કિલોમીટર રોડ મેટલિંગ છે તે પણ તૂટી અને ધોવાણ થઈ ગયો છે મેટલીંગનું નામ નિશાન નથી. પ્રાઈવેટ વાહનો પણ ચાલી શકતા નથી આ ખાંભા જવામાં, રાજુલા જવામાં અને જાફરાબાદ જવામાં આ રોડ અતિ મહત્વનો ઉપયોગી અને ટુંકો રોડ છે. જેથી ગ્રામ્ય વિસ્તારના લોકોને સમયનો બચાવ થાય જેથી કરી આ રોડનો જોબ નંબર આપવા માટે જિલ્લા પંચાયતના સદસ્ય કરસનભાઈ ભીલ તથા જિલ્લા ભાજપ અગ્રણી રવુભાઈ ખુમાણ તથા જાફરાબાદ કારોબારી ચેરમેન અનિરૂધભાઈ વાળા વગેરે આ માંગણી બાંધકામ ખાતાને અને ધારાસભ્ય હીરાભાઈને રજૂઆત કરી આ રોડના જોબ નંબર તાત્કાલિક મેળવવા રજૂઆત કરી છે. આ રોડ કરવામાં આવે તો આ વિસ્તારના દસ જેટલા ગામને ઉપયોગી છે જેથી ત્રણ તાલુકાના ગામને ઉપયોગી થાય તે માટે આ રોડ મંજૂર કરવા ગ્રામ્ય વિસ્તારની પણ માંગણી છે.




ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪



ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦


















ન ભુતો.. ન ભવિષ્યતી.. આપના સપનાનું ઘર વસાવવાની સુવર્ણ તક..



શ્રીજી નગર - ૧

સ્થળ : લાઠી રોડ, ધરમનગર પાછળ, શિવમ્ રેસીડેન્સીની બાજુમાં, અમરેલી

■ દરેક બાથરૂમમાં નળ તેમજ સાવર ■ દરેક રૂમ તેમજ હોલમાં પી.ઓ.પી. લાઇટ તેમજ તમામ પ્રકારનું લાઈટીંગ
■ ૩ બેડ રૂમ, હોલ, કિચન વાળુ મકાન ■ મજબુત બાંધકામ
■ સ્ટાન્ડર્ડ કવોલીટીનાં ઓઇલ પેન્ટ ■ ગટર કનેકશન
■ સ્વતંત્ર પાણી દાર તેમજ નગરપાલિકા દ્વારા પાણી સુવિધા ■ ગેસ પાઈપલાઈન
■ મોટી વિશાળ કાર પાર્કિંગ સુવિધા ■ ૫ મીટર પહોળાઈ તેમજ ૧૬ મીટર ઉંડાઇ
■ આગળ ૩૦ મીટર પહોળા પાકા સીમેન્ટ રોડ ■ ગેઇટ વાળી સોસાયટી
■ ગરમ પાણીનું સોલાર સાથે ■ સંપુર્ણ હવા ઉજાસ સાથે... તો આજે જ જોવા પધારો...

: સંપર્ક :
આપુભાઈ : ૭૦૧૯૮ ૫૩૭૪૦
જયમલભાઈ : ૯૯૦૪૦ ૬૧૫૬૬
વિમલભાઈ : ૯૮૨૪૯ ૯૩૨૭૭

### કેન્દ્રીય રોડ પરિવહન અને રાજમાર્ગ મંત્રીએ કરી મોટી જાહેરાત

# માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્તોને મળશે કેશલેસ ટ્રીટમેન્ટ : ગડકરી

**રોડ અકસ્માતમાં ઘાયલ થયેલા પીડિતોને હવે દોઢ લાખ સુધીની મફત સારવાર મળે તેવી સરકાર વ્યવસ્થા કરી રહી છે : યોજના હવે દેશભરમાં લાગૂ થશે**

નવી દિલ્હી, તા.૮

કેન્દ્રીય રોડ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ એક મોટી જાહેરાત કરતા કહ્યું કે સરકાર માર્ચ મહિના સુધી રોડ દુર્ઘટનાના પીડિતો માટે 'કેશલેસ ટ્રિટમેન્ટ' યોજના લાવવાની તૈયારી રહી છે.

આ યોજના હેઠળ રોડ અકસ્માતમાં ઘાયલ કોઈ પણ વ્યક્તિને મહત્તમ ૧.૫ લાખ રૂપિયા સુધીની સારવાર મફત મળશે. આ યોજના દેશભરમાં લાગૂ થશે અને રસ્તા પર કોઈ પણ પ્રકારની દુર્ઘટના માટે માન્ય રહેશે.

આ યોજના રાષ્ટ્રીય સ્વાસ્થ્ય પ્રાધિકરણ (NHA), પોલીસ, હોસ્પિટલ અને રાજ્ય સ્વાસ્થ્ય એજન્સીઓના સહયોગથી લાગૂ થશે. રોડ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયના ઈ-વિસ્તૃત દુર્ઘટના રિપોર્ટ (ઈડીએઆર) એપ્લિકેશનને એનએચએની લેવડદેવડ પ્રબંધન પ્રણાલી સાથે જોડવામાં આવશે. આ આઈટી પ્લેટફોર્મ દ્વારા સારવારનો સંપૂર્ણ ખર્ચ સરકાર ભોગવશે.

ગડકરીએ જણાવ્યું કે આ યોજનાની શરૂઆત માર્ચ ૨૦૨૪માં પાયલોટ પ્રોજેક્ટ તરીકે ચંડીગઢથી થઈ હતી. ત્યારબાદ તેને છ અન્ય રાજ્યોમાં પણ લાગૂ કરાઈ. પાયલોટ પ્રોજેક્ટનો હેતુ રોડ દુર્ઘટનાઓના પીડિતોને સમયસર તબીબી સારવાર આપવાનો હતો જેનાથી અનેક લોકોના જીવ બચાવી શકાયા.

ગડકરીએ રોડ દુર્ઘટનાઓની વધતી ઘટનાઓ પર ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે ડ્રાઈવરોનો થાક પણ એક મોટું કારણ છે. સરકાર કોમર્શિયલ ચાલકો માટે કામના કલાકો નક્કી કરવા માટે શ્રમ કાયદાઓનો અભ્યાસ કરી રહી છે. તેમણે જણાવ્યું કે દેશમાં લગભગ ૨૨ લાખ ચાલકોની કમી છે. જેને દૂર કરવા માટે વિશેષ તાલિમ સંસ્થાન બનાવવામાં આવશે.

કાર્યશાળા દરમિયાન ગડકરીએ જણાવ્યું કે સરકાર વાહન ભંગાર નીતિને ઝડપથી લાગૂ કરવા પર કામ કરી રહી છે. આ સાથે જ સમગ્ર દેશમાં પ્રદૂષણ નિયંત્રણ પ્રમાણપત્ર(પીયુસી) ૨.૦ લાગૂ કરવામાં આવશે. બીએસ-૭ માપદંડોને લાગૂ કરવાની સમયમર્યાદા અને પ્રદૂષણમાં ઘટાડો લાવવા ઉપર પણ ચર્ચા થઈ. દેશભરમાં ડ્રાઈવર તાલિમ સંસ્થાનોની સ્થાપના માટે નવી યોજનાઓ લાવવામાં આવી રહી છે. જે હેઠળ ડ્રાઈવર ટ્રેનિંગ સેન્ટર ખોલવા માટે પ્રોત્સાહન આપવામાં આવશે. આ ઉપરાંત ઈ રિક્ષાની સુરક્ષા સારી કરવા માટે વિશેષ નિયમ અને દિશાનિર્દેશ બનાવવામાં આવી રહ્યા છે.

કેન્દ્રીય પરિવહન મંત્રીએ નવી યોજના જાહેર કરવાની સાથે માર્ગ અકસ્માતના આંકડાઓ પણ રજૂ કર્યા હતા. જે અનુસાર, ૨૦૨૪માં કુલ ૧.૮૦ લાખ લોકોએ માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવ્યા છે. જેમાં ૩૦૦૦૦ લોકોના મોત હેલમેટ ન પહેરવાના કારણે થયા છે. ઉલ્લેખનીય છે, આ મૃતકોમાં ૬૬ ટકા લોકો ૧૮થી ૩૪ વર્ષનો યુવા વર્ગ હતો. ગડકરીએ જણાવ્યું હતું કે, આપણી શાળાઓ અને કોલેજોમાં યોગ્ય રીતે એક્ઝિટ અને એન્ટ્રી પોઈન્ટની વ્યવસ્થા ન હોવાથી ૨૦૨૪માં આશરે ૧૦હજાર બાળકોએ જીવ ગુમાવ્યા છે. શાળાઓની ઓટો રિક્ષા અને મીની બસ માટે નિયમો હોવા છતાં તેના અનુપાલનના અભાવે બાળકો પણ દુર્ઘટનાઓનો ભોગ બની રહ્યા છે. અમે તમામ ખામીઓને ધ્યાનમાં લઈ તેને ઘટાડવા પ્રયાસ કરીશું. માર્ગ અકસ્માતની ઘટનાઓ ઘટાડવા માટે સૌએ એકજૂટ થઈ પ્રયાસ કરવો પડશે. નીતિન ગડકરીએ ગઈકાલ મંગળવારે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પરિવહન મંત્રીઓ સાથે આયોજિત બેઠકમાં આ અંગે જણાવ્યું હતું.

### ICC Rankings માં મોટો ફેરફાર

# ફરી એકવાર ભારતીય બેટર પંતની ટોપ-૧૦માં એન્ટ્રી

**રિષભ પંત ટોપ-૧૦ બેટરોની યાદીમાં સામેલ : ઓસ્ટ્રેલિયા સામેની સિડની ટેસ્ટની બીજી ઇનિંગમાં શાનદાર બેટિંગ કરી હતી**

દુબઈ, તા.૮

તાજેતરમાં ICCએ જાહેર કરેલી રેન્કિંગમાં ભારતીય વિકેટકીપર અને બેટર રિષભ પંતને ઘણો ફાયદો થયો છે. ફરી એકવાર રિષભ પંત ટોપ-૧૦ બેટરોની યાદીમાં સામેલ થઈ ગયો છે. ઓસ્ટ્રેલિયા સામેની સિડની ટેસ્ટની બીજી ઈનિંગમાં રિષભ પંતે શાનદાર બેટિંગ કરી હતી. ઓસ્ટ્રેલિયા સામે સતત ખરાબ પ્રદર્શન બાદ રિષભ પંત ટોપ-૧૦ની યાદીમાંથી બહાર થઈ ગયો હતો. પરંતુ સિડની ટેસ્ટ બાદ હવે તેણે પુનરાગમન કર્યું છે. તે હવે યાદીમાં નવમાં સ્થાને પહોંચી ગયો છે. અન્ય ભારતીય ખેલાડીઓની વાત કરીએ તો ઝડપી બોલર જસપ્રીત બુમરાહે તેની ટેસ્ટ કારકિર્દીની સર્વશ્રેષ્ઠ રેટિંગ હાંસલ કરી છે. જસપ્રીત બુમરાહ ૯૦૮ રેટિંગ પોઈન્ટ સાથે બોલરોની યાદીમાં ટોચના સ્થાન પર છે.

જો કે, જાહેર કરવામાં આવેલી ઔંઝઝ રેક્કિંગમાં ટોપ-૫માં કોઈ ફેરફાર થયો નથી. ઈંગ્લેન્ડનો જો રૂટ આ યાદીમાં ટોચના સ્થાન પર છે. જ્યારે ઈંગ્લેન્ડનો હેરી બ્રુક ૮૭૬ રેટિંગ સાથે બીજા સ્થાને છે. ન્યૂઝીલેન્ડનો કેન વિલિયમસન ૮૬૭ રેટિંગ સાથે ત્રીજા નંબર પર છે. જયારે ભારતનો યશસ્વી જયસ્વાલ ૮૪૭ રેટિંગ સાથે ચોથા સ્થાનપર યથાવત છે. ભારત સામે બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં શાનદાર પ્રદર્શન કરનાર ટ્રેવિસ હેડ ૭૭૨ રેટિંગ સાથે પાંચમા સ્થાને છે. આ રીતે ટોપ-૫ બેટરોની રેક્કિંગમાં કોઈ ફેરફાર જોવા મળ્યો નથી.

આ સિવાય દક્ષિણ આફ્રિકાના ટેસ્ટ કેપ્ટન ટેમ્બા બાવુમાએ રેક્કિંગમાં જોરદાર છલાંગ લગાવી છે. ટેમ્બા બાવુમા ૭૬૯ રેટિંગ સાથે છઠ્ઠા સ્થાન પર પહોંચી ગયો છે. અગાઉ તે નવમાં સ્થાન પર હતો. આ તેનું અત્યાર સુધીનું સૌથી ઊંચું રેક્કિંગ અને રેટિંગ છે. શ્રીલંકાના કામેન્દુ મેન્ડિસ ૭૫૯ રેટિંગ સાથે સાતમાં સ્થાન પર પહોંચી ગયા છે. જો કે, ઓસ્ટ્રેલીયન બેટર સ્ટીવ સ્મિથને એક સ્થાનનું નુકસાન થયું છે. અન્ય ખેલાડીઓની વાત કરીએ તો ન્યુઝીલેન્ડનો ડેરીલ મિચેલ ૭૨૫ રેટિંગ સાથે અકબંધ છે.

### મહારાષ્ટ્રના રાજકારણમાં નવી ચર્ચા

# કાકા-ભત્રીજા હાથ મિલાવશે, સુપ્રિયાને કેન્દ્રમાં મંત્રી પદની ઓફર

**શરદ પવારની એનસીપીમાંથી ચૂંટાયેલા આઠ સાંસદો એનડીએમાં સામેલ થવાની અટકળોથી રાજકારણ ગરમાયું**

મુંબઈ, તા.૮

ચૂંટણી બાદ શરૂ થયેલાં મહારાષ્ટ્રના રાજકીય નાટકે હવે નવો વળાંક લીધો છે. શરદ પવાર અને અજિત પવાર ફરી હાથ મિલાવી લેશે અને શરદ પવારની એનસીપીમાંથી ચૂંટાયેલા આઠ સાંસદો એનડીએમાં સામેલ થવાની અટકળોથી મહારાષ્ટ્રનું રાજકારણ ગરમાયું છે. કહેવામાં આવી રહ્યું છે કે, શરદ પવાર પોતાની દીકરી સુપ્રિયા સૂલેને કેન્દ્રીય કેબિનેટમાં સ્થાન મળે તે માટે લોબિંગ કરી રહ્યા છે.

મહારાષ્ટ્રમાં લોકસભા ચૂંટણીમાં શરદ પવાર જૂથને ફતેહ મળી હતી પરંતુ, વિધાનસભામાં તેમનો રકાસ થયો હતો. વિધાનસભામાં શરદ પવારની એનસીપીને માત્ર ૧૦ જ બેઠક મળતાં પક્ષનાં રાજકીય ભાવિ સામે પ્રશ્ન ઊભો થયો છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, વિધાનસભા પરિણામો બાદ શરદ પવારની એનસીપીના સાંસદો અને ધારાસભ્યોએ પવારને અજિત પવાર સાથે હાથ મિલાવી લેવા અને એનડીએમાં જોડાઈ જવા માટે દબાણ વધાર્યું છે.

સાંસદો અને ધારાસભ્યો આ મુદ્દે પણ શરદ પવાર પર દબાણ વધારી રહ્યા છે કે, અજિત પવારની એનસીપીને જ ચૂંટણી પંચે અસલી એનસીપી તરીકે માન્ય રાખી ચૂક્યું છે અને તેને ઘડિયાળનું મૂળ પ્રતિક ફાળવ્યું છે. ત્યારબાદ વિધાનસભામાં પણ અજિત પવાર જૂથને ૪૧ બેઠક મળી છે. આ સંજોગોમાં શરદ પવારની અલગ એનસીપીનાં અસ્તિત્વ સામે સંકટ સર્જાયું છે. નોંધનીય છે કે, થોડા દિવસો પહેલાં જ અજિત પવારની માતાએ શરદ પવાર તથા અજિત પવાર ફરી એક થઈ જાય તેવી ઈચ્છા પ્રગટ કરી હતી. તે વખતે પ્રફુલ્લ પટેલ સહિતના નેતાઓએ આ ઈચ્છાનો પડઘો પાડીને એમ કહ્યું હતું કે, શરદ પવાર અમારા માટે ઈશ્વર સમાન છે. ત્યારબાદ થોડા દિવસો પહેલાં ઉદ્ધવ ઠાકરેની શિવસેનાના મુખપત્રમાં મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસની પ્રશંસા કરવામાં આવી ત્યારે સુપ્રિયા સૂલેએ પણ તેને અનુમોદન આપ્યું હતું. અગાઉ અજિત પવારે એક ઈન્ટરવ્યુમાં દાવો કર્યો હતો કે, ૨૦૧૯માં શરદ પવારે ભાજપ સાથે જોડાવાની તમામ તૈયારી કરી લીધી હતી પરંતુ છેલ્લી ઘડીએ તેમણે ફેરવી તોળ્યું હતું.

રાજકીય ચર્ચાઓ અનુસાર, શરદ પવાર અને અજિત પવાર બંને હાથ મિલાવી લે અને શરદ પવારની એનસીપી પણ મહાયુતિમાં સામેલ થઈ જાય તેવા પ્રયાસો ભાજપને પણ મંજૂર છે. હકીકતમાં ભાજપ મહારાષ્ટ્રમાં એકનાથ શિંદે પરનું અવલંબન ઘટાડવા માગે છે. બીજી બાજુ રાષ્ટ્રીય સ્તરે તે નીતિશ કુમાર અંકુશમાં રહે તેમ ઈચ્છે છે. મહારાષ્ટ્રમાં સરકારની રચના વખતે એકનાથ શિંદેએ જે પ્રકારે ત્રાગાં કર્યાં હતાં તેનાથી ભાજપના નેતાઓ નાખુશ છે અને તેઓ શિંદેને વધુ કદ મુજબ વેતરવા માગે છે.

### ભારતની મુલાકાતે આવેલા અમેરિકન NSA જેક સુલિવાને જાહેરાત કરી

# અમેરિકા ૨૬ વર્ષ બાદ ભારત પરનો પરમાણુ પ્રતિબંધ હટાવશે

**મે ૧૯૯૮માં, બુદ્ધ પૂર્ણિમાના દિવસે, ભારતે રાજસ્થાનના પોખરણમાં પરમાણુ પરીક્ષણ કર્યું હતું, ત્યાર બાદ હતાશ અમેરિકાએ ભારત પર પરમાણુ પ્રતિબંધો લાદી દીધા હતાં**

નવી દિલ્હી, તા.૮

અમેરિકાએ ભારત સાથે નાગરિક પરમાણુ ઊર્જા ક્ષેત્રે સહયોગ વધારવા માટે મહત્વની જાહેરાત કરી છે. આ અંતર્ગત ભારતના ઈન્દિરા ગાંધી એટોમિક રિસર્ચ સેન્ટર (IGARC) અને ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર (BARC) જેવી સંસ્થાઓને અમેરિકાની નાગરિક પરમાણુ સહકારની પ્રતિબંધિત સૂચિમાંથી દૂર કરવામાં આવશે. આનાથી પરમાણુ ઊર્જા સંબંધિત ભારતીય કંપનીઓ માટે અમેરિકન કંપનીઓ, સંસ્થાઓ કે એજન્સીઓ સાથે ટેકનિકલ અને વ્યવસાયિક સહયોગ કરવાનો માર્ગ મોકળો થશે.ભારતની મુલાકાતે આવેલા અમેરિકન NSA જેક સુલિવાને નવી દિલ્હીમાં ભાષણમાં આ જાહેરાત કરી હતી. સુલિવાને કહ્યું હતું કે હું આજે જાહેરાત કરી રહ્યો છું કે અમેરિકન સરકાર વર્તમાન નિયમોમાં ફેરફારોને અંતિમ સ્વરૂપ આપી રહી છે જે ભારતીય અને અમેરિકન કંપનીઓને નાગરિક પરમાણુ ઊર્જા ક્ષેત્રમાં સહયોગ કરતા અટકાવે છે. આ અંગેની ઔપચારિક જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવશે.ઉલ્લેખનીય છે કે મે 1998માં, બુદ્ધ પૂર્ણિમાના દિવસે, ભારતે રાજસ્થાનના પોખરણમાં પરમાણુ પરીક્ષણ કર્યું હતું. ત્યાર બાદ હતાશ અમેરિકાએ ભારત પર પરમાણુ પ્રતિબંધો લાદી દીધા હતાં.

### નાગપુરમાં HMPVના બે શંકાસ્પદ કેસઃ સારવાર પછી રજા અપાઈ

# HMPV: રાજ્યોને શ્વસનતંત્રના રોગોનું સર્વેલન્સ વધારવા નિર્દેશ

**શંકાસ્પદ કેસના સેમ્પલ્સ નાગપુરની એઈમ્સ અને પુણેની નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ વાયરોલોજીને મોકલવામાં આવ્યા**

નાગપુર, તા.૮

દેશમાં HMPVના પાંચ કેસના નિદાન પછી કેન્દ્ર સરકારે રાજ્યોને શ્વસનતંત્રને લગતી માંદગી અંગે સર્વેલન્સ વધારવાનો નિર્દેશ આપ્યો છે. મંગળવારે નાગપુરમાં એએમપીવીના બે શંકાસ્પદ કેસ નોંધાયા હતા. જોકે, બંને દર્દીને સારવાર પછી રજા અપાઈ હતી.વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, શંકાસ્પદ કેસના સેમ્પલ્સ નાગપુરની એઈમ્સ અને પુણેની નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ વાયરોલોજીને મોકલવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, ભારતમાં સોમવારે એચએમપીવીનો પહેલો કેસ નોંધાયો હતો. કર્ણાટક, ગુજરાત, તમિલનાડુના કુલ પાંચ બાળકોનો એચએમપીવી ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો. જોકે, આરોગ્ય મંત્રી જે પી નડ્ડાએ જણાવ્યું હતું કે, સ્થિતિ પર સરકારની ચાંપતી નજર છે અને ચિંતાનું કોઈ કારણ નથી. તેમણે સોમવારે જણાવ્યું હતું કે, નડ્ડાએ જણાવ્યું હતું કે, "આરોગ્ય નિષ્ણાતોએ સ્પષ્ટતા કરી છે કે, HMPV નવો વાયરસ નથી. સૌથી પહેલાં ૨૦૦૧માં તેની ઓળખ થઈ હતી. ત્યાર પછી તે દુનિયાના ઘણા દેશોમાં ફેલાયો હતો." કેન્દ્રીય આરોગ્ય સચિવ પુણ્ય સલિલ શ્રીવાસ્તવે સોમવારે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની વર્ચ્યુઅલ મીટિંગની અધ્યક્ષતા કરી હતી. આરોગ્ય સચિવની બેઠકમાં ભારપૂર્વક જણાવાયું હતું કે, "આઈડીએસપીનો ડેટા ઈન્ફલુએન્ઝા જેવી બીમારી (ILI) તેમજ ગંભીર શ્વસનતંત્રની બીમારી (SARI) માં અસામાન્ય ઉછાળો દર્શાવતો નથી. શ્રીવાસ્તવે કહ્યું હતું કે, "એચએમપીવી વિશ્વમાં ૨૦૦૧થી મોજૂદ છે. એટલે ચિંતાનો વિષય નથી." તેમણે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને શ્વસનતંત્ર સંબંધી બીમારીઓ અંગે સર્વેલન્સ વધારવા નિર્દેશ કર્યો હતો.દરમિયાન નાગપુરમાં એચએમપીવીના બે શંકાસ્પદ કેસમાં સાત અને ૧૪ વર્ષના બાળકનો સમાવેશ થાય છે. તેમને ખાનગી હોસ્પિટલમાં સારવાર અપાઈ હતી. તેમના સેમ્પલ્સને શંકાસ્પદ ગણાવાયા હતા. નાગપુરના જિલ્લા કલેક્ટર વિપીન ઈતન્કરે જણાવ્યું હતું કે, "નાગપુરના એચએમપીવી દર્દીઓ અંગે મીડિયાના અહેવાલ ખોટા છે. નાગપુરમાં એચએમપીવીના કોઈ દર્દી નથી. ગભરાટની કોઈ જરૂર નથી." દરમિયાન સ્વાસ્થ્ય અધિકારીઓએ મંગળવારે ચિંતાનું કારણ નહીં હોવાનું જણાવ્યું હતું, પણ ઘણી રાજ્ય સરકારોએ સતર્ક હોવાની જાહેરાત કરી હતી. તમિલનાડુ સરકારના જણાવ્યા અનુસાર "મુખ્યમંત્રી એમ કે સ્ટાલિન સ્થિતિ પર સતત ચાંપતી નજર રાખી રહ્યા છે."

### લેખિત પરીક્ષા, ઈન્ટરવ્યૂના માર્ક ફરી ચકાસવા કમિશનરને પત્ર

# ફાયર બ્રિગેડ ભરતીમાં કૌભાંડની શંકા, ઉમેદવારે તપાસની માગ કરી

**ફાયર વિભાગની ઉચ્ચ અધિકારીઓની ભરતી માટેની પ્રક્રિયા સમયે પણ પુલકીત સથવારા હાજર હોવાનું ઉમેદવાર દ્વારા જણાવાયું હતું**

અમદાવાદ, તા.૮

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનમાં તાજેતરમાં ફાયર બ્રિગેડમાં ઉચ્ચ અધિકારીઓની ભરતીમાં પણ કૌભાંડ થયો હોવાની આશંકા વ્યક્ત કરતા એક ઉમેદવાર દ્વારા ફાયરની ભરતીમાં લેખિત પરીક્ષા અને ઈન્ટરવ્યૂના માર્કના રિચેકીંગ કરવાની માગણી સાથે અમદાવાદ મ્યુનિ. કમિશનરને લેખિતમાં રજૂઆત કરી છે. ઉમેદવાર દ્વારા આરટીઆઈ દ્વારા ભરતી અંગેની વિગતો માંગવામાં આવી હતી. પરંતુ કોર્પોરેશન દ્વારા માહિતી આપવાનો ઈનકાર કરી દેવામાં આવતા ફાયરની ભરતીમાં પારદર્શકતા સામે પ્રશ્ન ઉપસ્થિત કરી ઉમેદવાર દ્વારા માર્કની ચકાસણી કરવા રજૂઆત કરી છે. AMCના એન્જિનીયરિંગ વિભાગમાં 93 સહાયક ટેકનીકલ સુપરવાઈઝરની ભરતી પ્રક્રિયામાં ત્રણ ઉમેદવારોના માર્કમાં ઉમેરો કરીને ભરતી કૌભાંડના મામલો હાલમાં ચર્ચા છે.

આ ચર્ચા વચ્ચે હવે ફાયર બ્રિગેડના ઉચ્ચ અધિકારીઓની ભરતીને લઈને એક ઉમેદવાર દ્વારા મ્યુનિ. કમિશનરને પત્ર લખવામાં આવ્યો છે. જેમાં ઉમેદવાર દ્વારા રજૂઆત કરવામાં આવી છે કે, એડિશનલ ચીફ ફાયર ઓફિસર અને ડેપ્યુટી ફાયર ઓફિસરની ભરતીમાં ઉમેદવારી ફોર્મ ભર્યું હતું અને પરીક્ષામાં પાસ પણ થયા હતા અને ઈન્ટરવ્યૂમાં પણ સામેલ થયા હતા. જોકે, પસંદગીને લઈને ઉમેદવારને નારાજગી હોવાથી તેમણે તપાસની માગણી કરી છે. ફાયર બ્રિગેડના ઉચ્ચ અધિકારીઓની ભરતી પ્રક્રિયામાં તપાસ કરવાની માગણી સાથે લેખિત પરીક્ષા અને ઈન્ટરવ્યૂના માર્ક અંગે રિચેકીંગ કરવા પણ પત્રમાં જણાવાયું હતું. ઉમેદવાર દ્વારા ભરતી પ્રક્રિયાને લઈને આરટીઆઈ કરવામાં આવી હતી, જેમાં બીજાના ગુણ આપી શકાય નહીં તેમ કહી માહિતી આપવામાં આવી ન હતી. જેથી ભરતી પ્રક્રિયાની પારદર્શકતા સામે ઉમેદવારે પ્રશ્ન ઉઠાવ્યો છે. તાજેતરમાં ટેકનિકલ સુપર વાઈઝરની ભરતી કૌભાંડમાં હેડ ક્લાર્ક પુલકિત સથવારાની સંડોવણી સામે આવી છે. ફાયર વિભાગની ઉચ્ચ અધિકારીઓની ભરતી માટેની પ્રક્રિયા સમયે પણ પુલકીત સથવારા હાજર હોવાનું ઉમેદવાર દ્વારા જણાવાયું હતું. ફાયર વિભાગની ભરતીમાં પરીક્ષા લેવાથી લઈને ઈન્ટરવ્યૂ કરવામાં આવ્યા ત્યારે દરેક જગ્યાએ પુલકિત સથવારાની હાજરીને પગલે ફાયર બ્રિગેડના અધિકારીઓની ભરતી પ્રક્રિયામાં પણ તેની સંડોવણી હોવાની શક્યતા પત્રમાં વ્યક્ત કરવામાં આવી છે. ફાયર બ્રિગેડમાં અધિકારીઓની ભરતી પ્રક્રિયામાં લેખિત પરીક્ષા સહિત સીલેક્શન ટેસ્ટમાં ઉમેદવાર ઉત્તીર્ણ થયો હોવા છતાં તેને ઈન્ટરવ્યૂમાં કોઈ પ્રકારે ધ્યાનમાં લેવાયો નહોવાના આક્ષેપ પણ કરવામાં આવ્યા છે.

### ગૌતમ અદાણીને મોટી રાહત

# અમેરિકન આરોપોના મામલામાં યુએસ કોંગ્રેસનું પણ સમર્થન

**રિપબ્લિકન સાંસદ લાન્સ ગુડને અદાણીની પ્રવૃત્તિઓની તપાસ કરવાના બિડેન વહીવટીતંત્રના નિર્ણયને પડકાર્યો**

વોશિંગ્ટન, તા. ૮

અમેરિકામાં ભારતીય અબજોપતિ ગૌતમ અદાણી માટે સારા સમાચાર આવ્યા છે. અમેરિકામાં બિડેન વહીવટીતંત્ર દરમિયાન શરૂ થયેલી તપાસમાં ગૌતમ અદાણીને મોટી રાહત મળી છે. તેમને આ મામલે અમેરિકન કોંગ્રેસ સાંસદનું સમર્થન મળ્યું છે. રિપબ્લિકન સાંસદ લાન્સ ગુડને ભારતીય અબજોપતિ ગૌતમ અદાણીની પ્રવૃત્તિઓની તપાસ કરવાના બિડેન વહીવટીતંત્રના નિર્ણયને પડકાર્યો છે. તેમણે ૭ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ યુએસ એટર્ની જનરલ મેરિક ગારલેન્ડને લખેલા પત્રમાં જણાવ્યું હતું કે આવી પસંદગીયુક્ત ક્રિયાઓ ભારત જેવા મહત્ત્વના સહયોગીઓ સાથેના મહત્વપૂર્ણ જોડાણને નબળી બનાવી શકે છે. વધુમાં, હાઉસ જ્યુડિશિયરી કમિટીના સભ્ય એમપી લાન્સ ગુડને યુએસ એટર્ની જનરલ મેરિક બી ગારલેન્ડને લખેલા સખત શબ્દોમાં પત્રમાં પૂછ્યું કે જો ભારત પ્રત્યાર્પણની વિનંતીનું પાલન કરવાનો ઈનકાર કરશે તો યુએસ શું કરે છે. ગુડને ન્યાય વિભાગની વિદેશી સંસ્થાઓની પસંદગીયુક્ત કાર્યવાહી વિશે પણ જવાબો માંગ્યા હતા. તેમણે આવી ક્રિયાઓથી અમેરિકાના વૈશ્વિક જોડાણો અને આર્થિક વૃદ્ધિને સંભવિત નુકસાન વિશે પણ પૂછ્યું હતું. તેણે પત્રમાં એ પણ પૂછ્યું કે શું તેનો જ્યોર્જ સોરોસ સાથે કોઈ સંબંધ છે.

ગુડને ૭ જાન્યુઆરીના રોજના તેમના પત્રમાં લખ્યું હતું કે, ન્યાય વિભાગની પસંદ કરેલી ક્રિયાઓ એશિયા-પેસિફિક ક્ષેત્રમાં અમેરિકાના સૌથી મજબૂત સહયોગીઓમાંના એક, ભારત જેવા મુખ્ય ભાગીદારો સાથેના મહત્વપૂર્ણ જોડાણોને નુકસાન પહોંચાડવાની ધમકી આપે છે. કોંગ્રેસમેન લાન્સ ગુડને એમ પણ કહ્યું હતું કે આવી વહીવટી કાર્યવાહી અમેરિકામાં અબજો ડોલરનું રોકાણ કરતી સંસ્થાઓને લક્ષ્ય બનાવે છે અને હજારો નોકરીઓનું સર્જન કરે છે. તેમણે કહ્યું કે જ્યારે અમેરિકા હિંસક અપરાધ, આર્થિક જાસૂસી અને ચાઈનીઝ કમ્યુનિસ્ટ પાર્ટી (સીસીપી) દ્વારા ઊભા થયેલા જોખમોને અવગણે છે, ત્યારે તે રોકાણકારોને અમેરિકામાં રોકાણ કરવાથી નિરાશ કરે છે. અમેરિકન હિતો માટે મર્યાદિત સુસંગતતા સાથે કેસ ચલાવવાને બદલે, ન્યાય વિભાગે વિદેશમાં અફવાઓનો પીછો કરવાને બદલે ખરાબ કલાકારોને સ્થાનિક રીતે સજા કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

### અરવિંદ કેજરીવાલની મોટી રાજનીતિ

# ભાજપ સાથે જોડાયેલા સાધુ-સંતો સહિત ૧૦૦ લોકો આપમાં જોડાયા

**AAPની સરકાર બન્યા બાદ પૂજારીઓને દર મહિને ૧૮ હજાર રૂપિયા આપવાની જાહેરાત કરવામાં આવી હતી**

નવી દિલ્હી, તા. ૮

દિલ્હીમાં અરવિંદ કેજરીવાલ સનાતનના નામે મોટો રાજકીય દાવ રમ્યા છે. ભાજપની મંદિર સમિતિ સાથે સંકળાયેલા સેંકડો લોકોને બરાબર ચૂંટણી પહેલાં જ તેમના પક્ષમાં સામેલ કરી દીધા છે. દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે ૫ ફેબ્રુઆરીએ મતદાન થવાનું છે. પરિણામ ૮ ફેબ્રુઆરીએ જાહેર કરવામાં આવશે. હવે ચૂંટણી પહેલા આમ આદમી પાર્ટી (AAP)એ ભારતીય જનતા પાર્ટી (BJP)ને મોટો ઝટકો આપ્યો છે. ભાજપ મંદિર સેલના ઘણા કાર્યકરો આમ આદમી પાર્ટીમાં જોડાયા છે. બુધવારે આમ આદમી પાર્ટી તેની નવી પાંખ 'સનાતન સેવા સમિતિ'ની જાહેરાત કરવા જઈ રહી છે. આ દરમિયાન પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ સિવાય ઘણા વરિષ્ઠ નેતાઓ હાજર છે. મંદિર સેલના ઘણા સભ્યોના AAPમાં જોડાવાને ભાજપમાં મોટો ભંગ માનવામાં આવી રહ્યો છે. તાજેતરમાં જ દિલ્હીના સીએમ આતિશીએ પૂજારી-ગ્રંથી સન્માન યોજનાની જાહેરાત કરી હતી. જે અંતર્ગત AAPની સરકાર બન્યા બાદ પૂજારીઓને દર મહિને ૧૮ હજાર રૂપિયા આપવાની જાહેરાત કરવામાં આવી હતી. આ નિર્ણયને દિલ્હીના પૂજારીઓએ આવકાર્યો હતો. આ યોજના માટે કેજરીવાલનો આભાર માન્યો હતો. બુધવારે જિતેન્દ્ર શર્મા, વિજય શર્મા, મનીષ ગુપ્તા, બ્રજેશ શર્મા, દુષ્યંત શર્મા અને બીજેપી મંદિર સેલના ઉદયકાંત ઝા AAPમાં જોડાયા છે. આ દરમિયાન અરવિંદ કેજરીવાલે ભાજપ પર નિશાન સાધ્યું હતું. કેજરીવાલે કહ્યું કે મંદિર સેલ બીજેપી દ્વારા બનાવવામાં આવ્યું છે. પરંતુ વચનો આપવા સિવાય કશું કર્યું નથી. દિલ્હીમાં આમ આદમીની સરકાર બન્યા પછી શિક્ષણ અને આરોગ્યની ક્રાંતિ શરૂ થઈ. આજે તેમને એવા લોકોની સેવા કરવાની તક મળી છે જેઓ સનાતન ધર્મ માટે કામ કરી રહ્યા છે. અમે આ માટે ભગવાનનો આભાર માનીએ છીએ. અમે જે કહ્યું તે અમે ચોક્કસપણે પૂર્ણ કર્યું. કેજરીવાલે કહ્યું કે, 'રઘુકુળ રીતિ સદા ચલી આઈ, પ્રાણ જાયે પર વચન ન જાયે' આ જ રીતે આપણા વચન નિભાવીશું.

### કોંગ્રેસને મોટો ઝટકો

# મમતા-અખિલેશ બાદ I.N.D.I.A.ના વધુ એક સાથીનો AAPને ટેકો

નવી દિલ્હી, તા.૮

બિહારના પૂર્વ ઉપમુખ્યમંત્રી તેજસ્વી યાદવે પણ દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં રાષ્ટ્રીય જનતા દળ(RJD)ની લડવાની શક્યતાઓ અંગે નિવેદન જાહેર કર્યું છે. તેમણે કહ્યું કે અમારી પાર્ટીને હજુ નિર્ણય લીધો નથી કે અમે દિલ્હીની ચૂંટણીમાં લડીશું કે નહીં. જોકે દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં I.N.D.I.A. ગઠબંધન તૂટવા અંગે તેમણે કહ્યું કે આ પહેલાથી જ નક્કી હતું કે I.N.D.I.A. ગઠબંધન ફક્ત લોકસભા પૂરતું જ રહેશ. જો બિહારની વાત થશે તો અહીં અમે બધા લોકો પહેલેથી જ એકજૂટ હતા. બિહાર વિધાનસભા ચૂંટણી સંબંધિત સવાલ પર તેજસ્વી યાદવે કહ્યું કે આ વખતે સરકાર બનાવવાનું લક્ષ્ય છે. પહેલા અમારી સાથે અન્યાય થયો અને ૬-૭ સીટથી અમે સરકાર બનાવતા રહી ગયા. બિહાર પરિવર્તન ઈચ્છે છે. પ્રજા હવે નવી બ્રાન્ડ ઈચ્છે છે. બીજી બાજુ સપા પ્રમુખ અખિલેશ યાદવે કહ્યું કે અમે દિલ્હીના લોકો સાથે ભેદભાવ થતાં જોયો છે. હું કેજરીવાલને શુભેચ્છા પાઠવું છું કે આટલું બધું થયા બાદ પણ તેમનો જુસ્સો ઓછો થયો નથી. મને વિશ્વાસ છે કે માતા-બહેનો દિલ્હીના લાલને ફરી સત્તામાં લાવશે. હું વિશ્વાસ સાથે કહું છું કે સપા સંપૂર્ણ જવાબદારી સાથે ઊભી છે. તમને ગમે ત્યારે મદદની જરૂર હશે અમે કરીશું.

# અમરેલી ગજેરા કેમ્પસના ખેલાડીનો દિલ્હી ખાતે રાષ્ટ્રીય કક્ષાની શૂટિંગ ચેમ્પિયનશિપમાં દબદબો



અમરેલી, તા. ૮

અમરેલી, શ્રીમતી એસ.એચ.ગજેરા કેમ્પસના સ્પોટર્સ સ્કૂલ વિભાગના વિદ્યાર્થીએ ૬૭મી નેશનલ શૂટિંગ ચેમ્પિયનશિપ કોમ્પિટિશન (પિસ્તોલ ઈવેન્ટ), ડો.કરણી સિંગ શૂટિંગ રેન્જ સ્પર્ધામાં ભાગ લીધેલ હતો, જે ૩૦ ડિસેમ્બરના રોજ દિલ્હી મુકામે યોજાયેલ હતી. તેમાં વિવિધ રાજયોના રમતવીરો એ પાર્ટીસિપેશન કરેલ હતું, જેમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા જિલ્લા કક્ષા સ્પોટર્સ સ્કૂલના પ્લેયર રાજપરા આકાશ એ ૧૦ મીટર એર પિસ્તોલ સબ–યુથ મેન ઈવેન્ટ માં ૫૪૭/૬૦૦ સ્કોર સાથે નેશનલ રીનાઉલ્ડ થઈ ટીમ ઈન્ડિયા સીલેકશન ટ્રાયલ માટે કવોલીફાઈ થયેલ છે જેઓએ શાળા તેમજ રાજયનું નામ નેશનલ લેવલે રોશન કરેલ. શ્રેષ્ઠ શિક્ષણ સાથે રમત–ગમત ક્ષેત્રે સતત અનુભવી કોચ દ્વારા પ્રશિક્ષણ મેળવી નેશનલ લેવલે સિદ્ધિઓ પ્રાપ્ત કરે તે બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, તેમજ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી તેમજ સંસ્થા પરિવાર દ્વારા ખેલાડીને અને કોચ પૂલકીતાબેન નિંમ્બાવાલ તેમજ ટ્રેનર સાવનભાઈ દેસાઈને શુભેચ્છા પાઠવવામાં આવેલ.

# આંબરડી શાળાના વિદ્યાર્થીઓ ખેલ મહાકુંભમાં ઝળકયા



તસ્વીર : સુભાષ સોલંકી–આંબરડી

સાવરકુંડલા, તા. ૮

ખેલ મહાકુંભ ૨૦૨૫ માં શ્રી આંબરડી માધ્યમિક અને ઉચ્ચતર માપ્રયમિક શાળાની જવલંત સિદ્ધિ. સમગ્ર ગુજરાતમાં જયારે આજે ખેલ મહાકુંભ ચાલી રહ્યો છે ત્યારે આંબરડી હાઈસ્કુલમાંથી ધોરણ નવમાં અભ્યાસ કરતા જૈવિન જયસુખભાઈ કે જેમણે ૪૦૦ મીટર દોડની અંદર સમગ્ર તાલુકાની અંદર પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો છે. જયારે ધોરણ ૧૨માં અભ્યાસ કરતા મકવાણા રોનીકભાઈ (અંડર – ૧૭) માં તાલુકાની અંદર ૧૭૦૦ મીટર દોડમાં ત્રીજો ક્રમ મેળવેલો છે. આ તમામ એટલેટીક્સ સ્પર્ધામાં ભાગ લેતા વિદ્યાર્થીઓનું નેતૃત્વ સ્કૂલના શિક્ષક રમેશભાઈ ચારિયાએ કર્યુ હતું. અને સે વિજેતા ભાઈઓને આંબરડી કેળવણી મંડળના પ્રમુખ દિપકભાઈ માલાણી તેમજ શાળાના પ્રિન્સિપાલ એમ.ડી. માલવિયાએ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

## પાલિકા દ્વારા ગટરની સફાઈ શરૂ થઈ

# સાવરકુંડલામાં ડોકટર હાઉસ વિસ્તારનો માથાના દુઃખાવારૂપ ગંદકીનો પ્રશ્ન ઉકેલાયો

## સેનિટેશન અધિકારી સમસ્યા કાયમી ધોરણે દુર કરશે



સાવરકુંડલા, તા. ૮

સાવરકુંડલા શહેરમાં મહુવા રોડ પર આવેલ ડોકટર હાઉસ તરીકે ખ્યાતિ ધરાવતા વિસ્તારમાં કે જયાં શહેરના નામાંકિત તબીબોની હોસ્પિટલ આવેલી છે એ વિસ્તારમાં ગટર ઉભરાવાનો પ્રશ્ન માથાના દુખાવા સમાન બની ગયો હતો જે સંદર્ભે સાવરકુંડલા નગરપાલિકા દ્વારા એનો હાલ પૂરતું નિવારણ કરવામાં આવેલ છે. અને સાવરકુંડલા શહેરની ગટર યોજનામાં આ સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવા માટે પ્રતિબદ્ધતા વ્યકત કરી છે એમ નગરપાલિકા ચીફ ઓફિસર બોરડ દ્વારા જણાવવામાં આવ્યુંહતું. હાલ આ વિસ્તારમાં આ ગટર ઉભરાય નહીં તે માટેની કામગીરી હાથ ધરી છે. ગટર ઉભરાવાના કારણો સંદર્ભે તેના યોગ્ય નિકાલ માટે ચક્રો ગતિમાન થયા છે. આ સંદર્ભ સેનિટેશન ઈન્સ્પેકટર ભૂપતભાઈએ પણ હવે ગટરનું કાયમી સોલ્યુશન લાવવા માટે હોમવર્ક શરૂ કર્યુ છે.

# અમરેલી ખાતે સંત શિરોમણી ગુરૂ રવિદાસ વિશ્વ મહાપીઠનાં સંગઠન પત્ર એનાયત



અમરેલી, તા. ૮

અમરેલી ખાતે સંત શિરોમણી ગુરૂ રવિદાસ વિ મહાપીઠ અમરેલી જિલ્લા આયોજિત સૌરાષ્ટ્ર ઝોન કાર્યકર્તા બેઠક અને અમરેલી જિલ્લા સંગઠનના નિમણૂંક પત્ર એનાયત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું આ તકે આ સંસ્થા આંતરરાષ્ટ્રીય મહામંત્રી આત્મારામ પરમાર સાહેબ (પુર્વ કેબિનેટ મંત્રી ગુજરાત સરકાર), દિલ્હીથી પધારેલ રાષ્ટ્રીય અધ્યક્ષ સુરજીત કુમાર ગુજરાત પ્રદેશ ભાજપ અનુસૂચિત જાતિ મોરચાના મહામંત્રી વિક્રમ ભાઈ ચૌહાણ, પ્રવિણભાઈ પરમાર (રાષ્ટ્રીય પ્રવકતા), રાષ્ટ્રીય પ્રવકતા રાજદિપ સિહ પટવાડી, કાર્યકારી પ્રદેશ અધ્યક્ષ ભાણજીભાઈ બગડા, નારાયણભાઈ અદાણી, ભગુભાઈ પરમાર, પી.ડી.સરવૈયા (નાયબ નિયામક અ.જા.જુનાગઢ) જીલ્લા સાબરકાંઠા જીલ્લાના પ્રમુખ મણીભાઈ પરમાર, બોટાદ જીલ્લા પંચાયતના પ્રમુખ પાલાભાઈ પરમાર, વિ હિન્દુ પરિષદના પ્રમુખ ઈતેશભાઈ મહેતા, પ્રદેશ કોષાધ્યક્ષ કિશોરભાઈ પરમાર, સહિત તમામ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા આ કાર્યક્રમમાં સંતવાણીના આરાધક હરેશભાઈ માધડ દ્વારા સંત રોહીદાસ મહારાજના ભજનની રમઝટ બોલાવી હતી, સંત શિરોમણી રોહીદાસ મહારાજના તૈલીચિત્રને ફુલહાર અને દિપ પ્રાગટય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી ત્યારબાદ પધારેલ મહેમાનોનું શિલ્ડ, શાલ, અને પુસ્તક આપી સન્માનિત કરવામાં આવ્યા હતા આ તકે સંત શિરોમણી ગુરૂ રવિદાસ વિ મહાપીઠ અમરેલી જિલ્લાના પ્રમુખ તરીકે યુવાન જીજ્ઞેશ દાફડાની નિમણૂક થતાં તેમને પ્રદેશ કક્ષાએથી નિમણૂંક પત્ર જીજ્ઞેશ દાફડા આપી સન્માનિત કરવામાં આવ્યા હતા તેમજ દરેક મહાનુભાવો દ્વારા જણાવાયું હતું કે આવનારા સમયમાં સમાજ શિક્ષિત બને અને વ્યસન મુકત બને અને સંગઠીત બને તેવા પ્રયાસ થી રોહીદાસ મહારાજ અને ડોબાબાસાહેબ આંબેડકરના જીવન કવન કાર્યોને પ્રચાર પ્રસાર થાય તેવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે જીજ્ઞેશ દાફડાને જીલ્લા પ્રમુખ તરીકે નિમણૂક થતાં વિહિન્દુ પરિષદ અને અન્ય મહાનુભાવો ભાવો દ્વારા સન્માન કરવામાં આવ્યુંહતુંતેમજ આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લાભરમાંથી ૩૦૦થી વધારે લોકોને સંગઠન સાથે જોડીને નિમણૂંક પત્ર એનાયત કરવામાં આવ્યા હતા તેમજ બપોરે ભોજન બાદ બધા છુટા પડયા હતા સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા બધા એ તાલુકા અને શહેરની ટીમ ભારે જહેમત ઉઠાવી હતી તેમ જીલ્લા મહામંત્રી આશીષભાઈ રાઠોડ અને શરદભાઈ મકવાણાની પત્રકાર યાદીમાં જણાવ્યું હતું.

# સાવરકુંડલા : ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીની પુણ્યતિથિએ સાદર વંદન



સાવરકુંડલા, તા. ૮

ગુજરાતી સાહિત્યની વિશ્વમાં જયાં અને જયારે પણ ચર્ચા થશે ત્યારે મહાનવલ 'સરસ્વતીચંદ્ર' અને એના સર્જક ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીનો ઉલ્લેખ થશે જ. વિજયાદશમીને દિવસે જન્મેલાં આ યુગપુરૂષનું વતન એટલે સાક્ષરભૂમિ નડિયાદ. ગુજરાતી સાહિત્યનાં નાન્હાલાલ, ઝવેરચંદ મેઘાણી અને કવિ કાગ પછીનાં આ ચોથા સાહિત્યકાર છે જેમની ટપાલ ટિકિટ કાઢી સરકારે એમના યોગદાન પર મ્હોર લગાડી છે.

ગો.મા.ત્રિ.નાં ટૂંકા નામે પ્રસિદ્ધ થયેલાં ગોવર્ધનરામનું સદૈવ સ્મરણ તેમની કીર્તિદા નવલકથા સરસ્વતીચંદ્ર માટે થાય છે. અંદાજે ૧૮૦૦ પૃષ્ઠોમાં વિસ્તરેલી પ્રસ્તુત નવલકથા ગુજરાતી સાહિત્યમાં પુરાણ, પંડિતયુગનું મહાકાવ્ય, મહાનવલ અને ૧૯મી સદીનાં ગુજરાતની સંસ્કૃતિકથા એમ વિશેષણો ઓછાં પડે તેટલી હદે પોંખાઈ છે. સરસ્વતીચંદ્ર નવલકથા પરથી ચલચિત્રો અને ટેલીવિઝન શ્રેણીઓ પણ બની છે. ૧૯મી સદીનાં ઉતરાર્ધમાં ગુજરાત પાશ્ચાત્ય અને પૌર્વાત્ય એવા વૈચારિક માહોલમાં ઝોલા ખાતું હતું ત્યારે ઘણા સંશોધકો સરસ્વતીચંદ્રને સમન્વયવાદી કૃતિ તરીકે મુલવે છે. આ સર્જક અને એમના સર્જન વિશે લખવા બેસો તો શબ્દો ખૂટી પડે છતાંય એમને કાગળ પર ઉતારી ન શકો. ગુજરાતી સાહિત્ય પરિષદનાં પહેલા પ્રમુખ અને અનેક અનેક માન સન્માનો પામેલાં ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીને આજે એમની પુણ્યતિથિ પર સાદર વંદન કરવાનું ગૌરવ આપણે સહુ ગુજરાતીઓએ લેવાનું હોય. ગુજરાતી નવલકથાકારોમાં સીમાચિહ્ન બની ગયેલાં આ સર્જકની અદ્વિતીય ચતુરખંડીય નવલકથા સરસ્વતીચંદ્રનાં પ્રેમમાં કદાચ જ કોઈ નહિ પડ્યું હોય. અરે આ નવલકથાનો પ્રભાવ એટલો હતો કે તેની કથા હિન્દી ફિલ્મ જગતમાં પણ સ્મરણીય છે. એ કુસુમ, કુમુદિની સરસ્વતિ ચંદ્રના આલેખન અને ચિત્રાંકન અને તેના અવિસ્મરણીય હિન્દી ગીતો આજે પણ કોઈ જૂના હિન્દી ફિલ્મના ચાહકોના કાને પણ તો મન રસતરબતર થઈ જાય છે. મૈં તો ભૂલ ચલી બાબુલ કા દેશ પિયા કા ઘર પ્યારા લગે... સાંસરિયાની મીઠાશ એ પિયરીયાનાં સંસ્મરણોમાં... તો છોડ દે સારી દુનિયા કિસીકે લિયે યે મુનાસિબ (યોગ્ય) નહીં આદમી કે લિયે. પ્યાર સે ભી જરૂરી કંઈ કામ હૈં, પ્યાર સબ કુછ નહી જિંદગી કેલિયે. ત્યાગ વિરકિત અને સંન્યાસની વાતો પણ તેમાં વણાયેલી છે. તો ચંદન સા બદન ચંચલ ચિત વન ધીરે સે તેરા યે મુસ્કાના મુઝે દોશ ન દેના જગવાલોં હો જાઉં અગર મૈ દિવાના. આગળ આજ ગીતના શબ્દો અનોખો સ્નેહ વ્યકત કરે છે. તન ભી સુંદર મન ભી સુંદર તુમ સુંદરતા કી મૂરત હો.. સ્નહે નિતરતી હદયસ્પર્શી રોમાંચક વાતો. ગોવર્ધનરામ ત્રિપાઠીને આ ફાની દુનિયામાંથી વિદાય થયે એકસો સત્તર જેટલાં વર્ષો વિતી ગયા છતાં પણ તેના સર્જન દ્વારા આજે પણ સાહિત્યપ્રેમીઓની યાદોમાં તાજ તરબતર છે.

**પ્રસ્તુતિ બિપીનભાઈ પાંધી સા. કું.**

## પાલિકાનાં વિપક્ષી નેતાએ પત્ર પાઠવ્યો

# સાવરકુંડલાનાં મુખ્ય બજારનાં માર્ગની કામગીરી સત્વરે શરૂ કરવા રજૂઆત

## શહેરીજનોને અવરજવરમાં થતી પરેશાની દુર કરો



સાવરકુંડલા, તા. ૮

સાવરકુંડલા પાલિકાના વોર્ડ નંબર પાંચના સદસ્ય તથા વિરોધપક્ષના નેતા એવા અશોકભાઈ ખુમાણ દ્વારા સાવરકુંડલા નગરપાલિકા પ્રમુખ અને ચીફ ઓફિસરને ઉદેશીને લખેલ પત્રમાં સાવરકુંડલા શહેરની મેઈન બજાર રોડની કામગીરી ત્વરિત કરવા રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, હાલ સાવરકુંડલા નગરપાલિકા દ્વારા સાવરકુંડલા શહેરના હદય સમાન મેઈન બજાર રોડનું કામ કરવા માટે તેમનું ખોદાણ કરવામાં આવેલ છે તેમાં બંને સાઈડ પર ખોદાણ કરવામાં આવેલ નથી અને તેમાં ઓટલા, પગથીયા દુર કરેલ નથી અને આ રોડનાં ખોદાણના એક માસ થવા આવ્યો છે. તેમાં કાણકિયા ચા વાળાની દુકાન થી ગાંધી ચોક સુધી આ રોડ પરનાં તમામ આવશ્યક ચીજ વસ્તુનાં વેપારીઓની દુકાનો આવેલ છે જેમાં આ રોડ પર આમ જનતા અને સાવરકુંડલા તાલુકાના ગામડાઓનાં ગ્રામજનો બહોળી સંખ્યામાં ખરીદી અર્થે રોજબરોજ આવતા હોય અને ખુબજ મોટા પ્રમાણમાં આ રોડ પર લોકોની ભીડ રહેતી હોય ત્યારે હાલ રોડ બનાવવાની કામગીરી ત્વરિત થાય એવું આમ જનતા અને વેપારીઓ ઈચ્છે છે. હાલ અહીં આવનાર પારાવાર મુશ્કેલીઓનો સામનો રહ્યા છે જેથી આ રોડની તાત્કાલિક ધોરણે કામગીરી શરૂ કરવામાં આવે તેવી નમ્ર વિનંતી સહ અશોકભાઈ ખુમાણે પત્ર દ્વારા રજૂઆત કરી.

## નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત

# અમરેલીની પ્રાથમિક શાળાઓનાં વિદ્યાર્થીઓ ઓલ ઇન્ડીયા રેડીઓ પર ચમકશે

## આજે ''એન ઘેન દિવાઘેન'' કાર્યક્રમમાં જોડાશે



અમરેલી, તા. ૮

અમરેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ચેરમેન તુષારભાઈ જોષી, વાઈસ ચેરમેન દામજી ગોલ, શાસનાધિકારી આશિષ જોષીના માર્ગદર્શન હેઠળ સતત બીજા વર્ષે નગરપ્રાથમિક શિક્ષણ સમિતિ અમરેલી સંચાલિત બધીજ પ્રાથમિક શાળાઓના બાળકો રેડીયો પર પોતાનું કૌતુક બતાવશે. બાળકો ગીત, ભજન, લોકગીત, વાર્તા, વક્વ્ય વગેરે વિવિધ ક્ષેત્રોમાં પોતાની કલા પીરસશે. દરેક વિદ્યાર્થીઓમા કંઈકને કંઈક આંતરીક શકિત પડેલી હોય છે તે શકિતને ઉજાગર કરવાના શુભ હેતુસર આ બાળકોની તેના કૌશલ્યના આધારે અસંદગી કરવામાં આવે છે. ત્યારબાદ વિવિધ ક્ષેતના તજ્ઞો દ્વારા જે તે ક્ષેત્રનું તેને માર્ગદર્શન આપવામાં આવે છે. આ રીતે તૈયાર થયેલ વિદ્યાર્થીઓને ઓલ ઈન્ડીયા રેડીયોનાં બાળકો માટેના કાર્યક્રમ ''એન ઘેન દિવાઘેન'' કાર્યક્રમ માટે પસંદ કરવામાં આવે છે. આ દરેક વિદ્યાર્થીઓ તા. ૯/૧/૨૦૨૫ને ગુરૂવારના રોજ રેડીઓ પર પોતાની કલાના ઓજસ પાથરશે. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ટીમ શિક્ષણ સમિતિ, આચાર્યઓ, શિક્ષકઓ, તેમજ સમગ્ર કાર્યક્રમને સતત અજમેરા ગર્લ્સ હાઈસ્કુલનાં શિક્ષક કેતનભાઈ જોષી દ્વારા માર્ગદર્શન મળી રહે છે. તેમ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમરેલીની યાદી જણાવે છે.

# સા.કુંડલા–રાષ્ટ્રિય સેવા યોજનાનાં યુનિટ દ્વારા ખાસ શિબિર યોજાઈ



સાવરકુંડલા, તા.૮

તારીખ ૬–૧–૨૫ના રોજ, સર્વોદય સરસ્વતી મંદિર બાબાપુર, ગ્રામ પંચાયત બાબાપુરના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ. કાર્યક્રમના પ્રમુખ સ્થાને ગ્રામ પંચાયત બાબાપુરના સરપંચ હર્ષાબેન ચાવડા તથા અતિથિ વિશેષ રમેશભાઈ ગોંડલીયા હતા. મહિલા કોલેજના પ્રિન્સિપાલ ચાવડા સર્વ મહેમાનોનું સ્વાગત કર્યુ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. ડો.હરિતાબેન જોષીએ શિબિરના હેતુઓ અને પ્રવૃત્તિઓ વિશેની જાણકારી આપી. અધ્યાપન મંદિરના પ્રિન્સિપાલ નસીમબેન સંવટે સંસ્થાનો પરિચય આપ્યો. રમેશભાઈ ગોંડલીયાએ ઓર્ગેનિક ફાર્મિંગ અને ખેતીના અવનવા પ્રયોગો વિશેની માહિતી આપી. પ્રા. છાયાબેન શાહે સંસ્થા સાથેના તથા મંદાકિનીબેન પુરોહિત સાથેના પોતાના સંસ્મરણો રજૂ કર્યા. પ્રા .પ્રતિમાબેન શુકલએ સભા સંચાલન કર્યુ. પ્રા.ડો. કે.પી વાળા આભાર દર્શન કર્યુ. કાર્યક્રમને સફળ બનાવવામાં કોલેજના સમગ્ર સ્ટાફ, સર્વોદય સરસ્વતી મંદિરનો તમામ સ્ટાફ, તથા વિદ્યાર્થીભાઈ બહેનોનો ઘણો સહકાર મળ્યો. શિબિરાર્થી બહેનોએ સંઘ ગાન રજૂ કર્યુ તથા રાષ્ટ્રગીત દ્વારા કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું. કાર્યક્રમમાં પોસ્ટ બેઝિક હાઈસ્કૂલના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ હરગોવિંદભાઈ પંડયાએ તેમની સંગીત ટુકડી સાથે સ્વાગત ગીત રજૂ કર્યુ. કાર્યક્રમમાં હાઈસ્કૂલના પૂર્વ પ્રિન્સિપાલ લાભુબેન, ગામના આગેવાનો, પ્રાથમિક શાળાના પ્રિન્સિપાલ સુમિત્રાબેન, અતુલભાઈ મહેતા વગેરેની વિશેષ ઉપસ્થિતિ હતી. નૂતન કેળવણી મંડળના પ્રમુખ, ઉપપ્રમુખ, મેનેજીંગ ટ્રસ્ટી તથા ટ્રસ્ટીઓએ કાર્યક્રમની શુભેચ્છાઓ પાઠવેલ. એન.એસ.એસના ખાસ શિબિર માટે સંસ્થાના નિયામક મંદાકિની પૂરોહિતનો વિશેષ સહયોગ સાંપડયો.

## ગેસ પાઈપ લાઈન બાબતે

# રાજુલાનાં ભેરાઈનાં ગ્રામજનોએ સાસંદ સુતરીયાની મુલાકાત લીધી

## સાસંદે ગ્રામજનોને યોગ્ય કરવા ખાત્રી આપી



તસ્વીર : યોગેશ કાનાબાર–રાજુલા

રાજુલા, તા. ૮

રાજુલા તાલુકાના ભેરાઈ ગામે કંડલા ગોરખપુર ગેસની પાઈપલાઈન નીકળે છે જે ગુગલ પર સર્વે કરી આડેધડ નાખવામાં આવી રહી હોય એ બાબતે સાંસદ ભરતભાઈ સુતરિયાને ભેરાઈ ગામના યુવા સરપંચ વાલભાઈ રામ ઉપસરપંચ શિવાભાઈ રામ સહીતના ગ્રામજનોએ રજુઆત કરેલ કે હાલમાં જે ગેસ લાઈન નખાઈ રહેલ છે જે ખેડૂતોની કિંમતી જમીનમાં ભેરાઈથી નિગાળા વચ્ચે આડેધડ માપણી કરી નાખવામાં આવનાર છે જેના બદલે ભેરાઈ ગામના જ સર્વે નંબર ૬૦૩ સરકારી પડતરમાં નખાઈ તો ખેડૂતોની કિંમતી જમીન બચી જાય અને સરકારને પણ ખેડૂતોને મોંઘું વળતર ન ચૂકવવું પડે જે તે સમયે ગેસ લાઈનનો સર્વે કરવા આવનારની ભૂલે હાલમાં ભેરાઈ ગામના ખેડૂતોને અને સરકારની તિજોરીને પણ માર પડનાર હોય સર્વેની શરતચૂકતા સુધારવા સાંસદને રજુઆત કરેલ અને સાંસદ એ પણ ખેડૂતો માટે અંગત રસ લઈ હકારાત્મક અભિગમ અપનાવતા સંબંધિત જે તે વિભાગને સૂચના આપી રિ સર્વે કરાવવાની ખાત્રી આપેલ.

# રાજુલામાં યોજાયેલ કલા મહાકુંભમાં દેવકા વિદ્યાપીઠની દીકરીઓ દ્વારા ઉત્કૃષ્ટ પરિણામ



તસ્વીર : યોગેશ કાનાબાર–રાજુલા

રાજુલા, તા. ૮

રાજુલા તાલુકા કક્ષા મહાકુંભ જે રાજુલા ટી.જે બી ગર્લ્સ હાઈસ્કુલ ખાતે યોજવામાં આવેલ જેમાં દેવકા વિદ્યાપીઠની દીકરીઓએ ઉત્કૃષ્ટ પરિણામો પ્રાપ્ત કરેલ જેમાં સુગમ સંગીત લોકગીત લોકનૃત્ય સમૂહ ગીત હાર્મોનિયમ જેવી કલામાં રાજુલા તાલુકામાં પ્રથમ નંબર પ્રાપ્ત કરીને જિલ્લામાં રાજુલા તાલુકાનું પ્રતિનિધિત્વ કરશે આ તકે શાળાના સંસ્થાપક પૂજય ભાઈએ આશિરવચન પાઠવ્યા હતા તેમજ સાથે સાથે શાળાના મેનેજિંગ ટ્રસ્ટી ડી.એચ ગોયાણીએ અભિનંદન પાઠવ્યા હતા. આ તકે શાળાના આચાર્ય બેલાબેન નાયક તેમજ હરેશભાઈ જેઠવાએ સંપૂર્ણ માર્ગદર્શન પૂરૂ પાડયું હતું.

# સાવરકુંડલા : એસએમજીકે શૈક્ષણિક સંકુલમાં તાલુકા કક્ષાનો ખેલ મહાકુંભ યોજાયો






સાવરકુંડલા શહેરમાં આજરોજ સાવરકુંડલા તાલુકા મહાકુંભ – ૩.૦ નો અહીંની એસએમજીકેના યજમાન પદે પ્રારંભ થયો. આજે સાવરકુંડલા તાલુકાની કુલ ૩૩ કબડ્ડી ટીમોએ આ કબડ્ડી સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ પ્રસંગે એસએમજીકે શૈક્ષણિક સંકુલના કેમ્પસ ડાયરેકટર કુરેશીએ ઉપસ્થિત તમામ ખેલાડીઓ, કોચ, કેપ્ટનનું શાબ્દિક સ્વાગત કરીને આ ખેલ મહાકુંભને ખુલ્લો મૂકયો હતો. આજના તાલુકા કક્ષાના ખેલ મહાકુંભમાં કુલ ૩૩ ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં અંડર–૧૪ની ૧૩ ટીમ ભાઈઓની, બહેનોની ૯ ટીમ, અંડર ૧૭ની ૬ ટીમ તથા ઓપન વિભાગમાં ભાઈઓની ૫ ટીમે ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ ખેલ મહાકુંભનો મુખ્ય ઉદ્દેશ આજના ડીજીટલ યુગમાં વિદ્યાર્થીઓને તેમજ આમજનતાનો રસ મેદાની રમતો પ્રત્યે વધે એ છે. આ ઉદેશ સાથે સરકાર દ્વારા આવા ખેલ મહાકુંભ યોજાય છે એ ખૂબ જ આવકાર્ય છે. આમ પણ આજે લોકો પણ હવે ડીજીટલ યુગમાં પોતાની તંદુરસ્તી અને સ્વાસ્થ્યનું મહત્વ સમજી રહ્યા છે ત્યારે સરકાર અને સમાજના સહિયારા પ્રયાસો દ્વારા તંદુરસ્ત ભારતનું નિર્માણ થશે એમાં બે મત નથી. લોકોમાં ખેલદિલીની ભાવના વધુ કેળવાય અને હાર અને જીત પચાવી શકાય તેવું કૌશલ્ય વિકાસ થાય એ પણ આવી રમતગમત સ્પર્ધાઓનો ઉદેશ ચોક્કસ ગણાય.

### સાવરકુંડલા ખાતે જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી થશે

## જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયાના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ આયોજન અંગેની બેઠક યોજાઈ

અમરેલી, તા. ૮

અમરેલી જિલ્લા વિકાસ અધિકાર પરિમલ પંડ્યાના અપ્રયક્ષસ્થાને તા. ૨૬ જાન્યુઆરી, 'પ્રજાસત્તાક પર્વ' જિલ્લાકક્ષાની ઉજવણી સંદર્ભે બેઠક યોજાઈ હતી.

જિલ્લા વિકાસ અધિકારીએ, વિવિધ સરકારી ઈમારત પર રોશની કરવા, કાર્યક્રમ સ્થળે સાફ–સફાઈ, ફાયર, આરોગ્ય, પીવાનું પાણી, ટ્રાફિક વ્યવસ્થા, ટેબ્લો નિદર્શનના આયોજન સહિત જરૂરી પ્રાથમિક સુવિધાઓ–વ્યવસ્થાઓ થઈ શકે તે માટે ઘટતી કાર્યવાહી કરવા દિશાનિર્દેશ આપ્યા હતા.

સાવરકુંડલા સ્થિત આંખની હોસ્પિટલ ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં દેશભક્તિની થીમ અને દેશની વિવિધતામાં એકતાની ઝલક જોવા મળે તે રીતે વિશેષ સાંસ્કૃતિક કૃત્તિ પણ રજૂ થશે. આ ઉપરાંત પોલીસ વિભાગદ્વારા પરેડ અને વિવિધ કચેરીઓ દ્વારા ટેબ્લો નિદર્શન થશે.

નિવાસી અધિક કલેક્ટર દિલિપ સિંહ ગોહિલે, પ્રજાસત્તાક પર્વની ઉજવણી માટે જઢરી સૂચન કર્યા હતા. અમરેલી જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલ બેઠકમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક જાડેજા, સાવરકુંડલા પ્રાંત અધિકારી, લાઠી પ્રાંત અધિકારીશ્રી બ્રહ્મભટ્ટ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી ચાવડા, નાયબ પોલીસ અધિક્ષક ગોહિલ, જિલ્લા શિક્ષણાધિકારી ગોહિલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મિયાણી, માર્ગ અને મકાન નાકાઈ રાઠોડ, સેકશન ઓફિસર અજય દેસાઈ, જિલ્લા રમત ગમત અધિકારી ફુમકિયા, જિલ્લા રમત ગમત વિકાસ અધિકારી કુરેશી સહિત વિવિધ કચેરીઓના અધિકારી – કર્મચારીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

પાના ૮ ઉપરનું ચાલું **જાફરાબાદનાં ૨૪ વર્ષિય માચ્છીમાર**

૨ ના સવારે છએક વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે દરિયામાં જાફરાબાદ જેટીથી અગીયારેક નોટીકલ માઈલ દુર દરિયામાં મચ્છીમારી કરતા હતા. તે દરમિયાન અકસ્માતે દરિયાના પાણીમાં પડી જવાથી તેમનું મોત થયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું **સાવરકુંડલાની બાંધકામ એજન્સી**

ન કરતા અર્થ એજન્સીને બ્લેકલીસ્ટ કરેલ અને પાછા ફોટા પડાવો છો અને બ્લેક લીસ્ટ એજન્સી પહેલા આખરી નોટીસ જે તે શાખાના અધિકારી આપે તેમાં જે સમયમાં બાંહેધરી આપવાની હોય તે સમયમાં જવાબ કે કામ ચાલુ ના કરે બાદ તેમને બ્લેકલીસ્ટ કરેલ હોય. જેથી બ્લેકલીસ્ટ બાદ બાંહેધરી અને જવાબ આપે તો પણ બ્લેકલીસ્ટ થયા બાદ તે એજન્સી કામ ન કરી શકે તેવા કાયદાકીય નિયમો હોય છે.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીની પીડિત યુવતી**

વધુમાં જણાવેલ કે, પોલીસ અધિક્ષકની રૂબરૂમાં જ આરોપીઓને માર મારવામાં આવ્યો ત્યારે પોલીસ અધિક્ષકની ફરજ હતી કે તેઓ તાબાનાં અધિકારીઓને કાયદો સમજાવે. પરંતુ તેવું થયું નથી અને હવે તેઓએ કથિત આરોપો અંગે નાયબ પોલીસ અધિક્ષક અને બે મહિલા પોલીસ અધિકારીઓની "સીટ"ની રચના કરી છે. જે યોગ્ય ન હોવાથી પીડિત યુવતી "સીટ"ની તપાસમાં સહકાર નહી આપે અને પોતે બે દિવસમાં હાઈકોર્ટમાં પિટિશન કરશે તેમ જણાવેલ.

## ચલાલા : યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત રક્ષા શકિત સ્કૂલનું ગૌરવ

ચલાલા, તા. ૮

ચલાલા યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત રક્ષા શકિત સ્કુલની ધોરણ ૬ની દીકરી રાઠવા જાનવી ખેલ મહાકુંભમાં તાલુકા કક્ષાએ ૪૦૦ મીટર દોડમા દ્વિતિય નંબર મેળવી વિજેતા થયેલ. આ વિદ્યાર્થીની હજી ઉચ્ચ લેવલે જઈ સ્કુલ તથા પરિવારનું નામ રોશન કરે તેવી શુભેચ્છા સંસ્થાના વડા.પુ.ડો.રતિદાદા ડાયરેકટર ભારત ભૂષણ મહેશભાઈ મહેતા, શીતલબેન મહેતા આચાર્ય તુષારસર તેમજ સમગ્ર સ્ટાફગણે પાઠવી હતી.



## અવસાન નોંધ



**સાવરકુંડલા** : સ્વ. જીવનલાલ ગોરધનદાસ સુચકનાં પુત્ર સંજયભાઈ (લાલભાઈ)ના ધર્મપત્ની રીનાબેન (ઉ.વ. ૪૮)નું દુઃખદ અવસાન થયેલ છે.

સદગતનું ઉઠમણું તા. ૯/૧/૨૦૨૫, ગુરૂવારના રોજ સાંજના ૪ થી ૬ લોહાણા મહાજન વાડી, નદીકાંઠે, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**ચલાલા** : ચલાલાનાં વતની હાલ સુરત રહેતા અને ચલાલા પટેલ વાડીનાં પૂર્વ પ્રમુખ તેમજ સમસ્ત ચલાલા પટેલ સમાજના વરિષ્ઠ આગેવાન નાથાભાઈ જીવરાજભાઈ ઠેશીયાનાં ધર્મ પત્ની ચંપાબેન ઠેશીયા (ઉ.વ. ૭૮) તે હસમુખભાઈ, નટુભાઈ અને પ્રવિણભાઈનાં માતૃશ્રીનું અવસાન તા. ૫/૧૨૫ નાં સુરત મુકામે થયેલ છે.

સદગતનું બેસણું તા. ૯/૫/૨૦૨૫, ગુરૂવારનાં સવારના ૯ કલાકથી સાંજના ૫ કલાક સુધી ચલાલા પટેલ વાડીમાં રાખવામાં આવેલ છે.

સંકુલ MA બોયઝ કોલેજ મંજુર – જુન થી પ્રવેશ
સંકુલ M.Com. બોયઝ કોલેજ મંજુર – જુન થી પ્રવેશ
સંકુલ M.Sc. બોયઝ કોલેજ મંજુર – જુન થી પ્રવેશ
★ M.A. બોયઝ કોલેજ – સાયકોલોજી – સોસીયોલોજી – ઈંગ્લીશ વિષય
★ M.Com. બોયઝ કોલેજ – ગુજરાતી મિડીયમ – ઈંગ્લીશ મિડીયમ
★ M.Sc. બોયઝ કોલેજ – માઈક્રોબાયોલોજી – બાયોટેકનોલોજી વિષય
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:– શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ – ચક્કરગઢ રોડ અમરેલી -Ad 093

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૦૦ | ૧૧૨૩ |
| ૨ | ગીરનારી શીંગ | ૧૧૦૦ | ૧૨૩૫ |
| ૩ | શિંગ મોટી | ૮૧૦ | ૧૧૭૨ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૯૯૬ | ૧૧૮૦ |
| ૫ | તલ સફેદ | ૧૫૧૫ | ૨૬૨૦ |
| ૬ | તલ કાળા | ૩૮૭૦ | ૪૮૦૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૮૦૦ | ૨૮૭૮ |
| ૮ | બાજરો | ૪૭૦ | ૫૯૦ |
| ૯ | જુવાર | ૭૮૦ | ૭૮૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૮૨ | ૭૦૨ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૫૦ | ૬૩૭ |
| ૧૨ | અડદ | ૮૧૨ | ૧૪૨૫ |
| ૧૩ | ચણા | ૯૮૫ | ૧૨૨૦ |
| ૧૪ | ચોળી | ૭૪૦ | ૧૨૦૫ |
| ૧૫ | તુવેર | ૧૨૦૦ | ૧૬૪૧ |
| ૧૬ | કપાસ | ૭૯૨ | ૧૫૨૫ |
| ૧૭ | એરંડા | ૧૦૬૨ | ૧૨૧૭ |
| ૧૮ | જીરૂ | ૩૩૦૦ | ૪૩૮૦ |
| ૧૯ | ધાણા | ૧૦૦૦ | ૧૪૬૦ |
| ૨૦ | અજમા | ૧૮૦૦ | ૨૧૯૦ |
| ૨૧ | મેથી | ૭૦૦ | ૧૦૪૨ |
| ૨૨ | સોયાબીન | ૫૦૦ | ૮૨૪ |
| ૨૩ | રજકાનું બી | ૪૧૦૦ | ૪૧૦૦ |
| ૨૪ | મરચા લાંબા | ૪૪૦ | ૩૨૧૦ |

### ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૭૧ | ૧૫૪૫ |
| ૨ | મગફળી | ૯૯૧ | ૧૧૩૧ |
| ૩ | સોયાબીન | ૭૫૧ | ૭૫૩ |
| ૪ | અડદ | ૧૦૨૦ | ૧૦૨૦ |

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૫૦ | ૧૧૦૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૧૫૦ |
| ૩ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૧૬૭ |
| ૪ | તલ કાળા | ૩૬૦૧ | ૪૭૪૭ |
| ૫ | જીરૂ | ૪૩૩૧ | ૪૪૭૧ |
| ૬ | કપાસ | ૧૩૩૦ | ૧૪૯૧ |
| ૭ | ઘઉં લોકવન | ૫૫૧ | ૬૧૭ |
| ૮ | ઘઉં ટુકડા | ૬૦૦ | ૬૭૯ |
| ૯ | બાજરો | ૫૦૦ | ૬૩૬ |
| ૧૦ | જુવાર | – | ૮૬૦ |
| ૧૧ | અડદ | ૧૧૦૦ | ૧૩૨૦ |
| ૧૨ | ચણા | ૧૦૦૦ | ૧૨૨૦ |
| ૧૩ | તુવેર | ૧૧૦૧ | ૧૫૫૫ |
| ૧૪ | એરંડી | ૧૧૦૦ | – |
| ૧૫ | સોયાબીન | ૭૫૦ | ૮૦૮ |
| ૧૬ | અજમા | ૧૮૦૧ | – |

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૫૦ | ૧૫૨૩ |
| ૨ | મગફળી | ૮૦૧ | ૧૦૮૫ |
| ૩ | ઘઉં | ૫૬૯ | ૬૦૦ |
| ૪ | અડદ | ૧૩૫૫ | ૧૩૫૫ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૦ | ૧૫૩૭ |
| ૨ | ઘઉં લોકવન | ૫૭૨ | ૬૩૧ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૮૫ | ૬૪૭ |
| ૪ | મકાઈ | ૫૫૦ | ૫૭૫ |
| ૫ | સોયાબીન | ૫૦૦ | ૮૦૯ |
| ૬ | મગફળી | ૬૦૦ | ૯૪૦ |
| ૭ | ચણા | ૯૮૦ | ૧૨૫૦ |
| ૮ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૨૪૦ |
| ૯ | ધાણા | ૧૪૫૦ | ૧૪૫૫ |
| ૧૦ | શીંગદાણા | ૧૦૦૦ | ૧૧૮૦ |
| ૧૧ | અડદ | ૧૨૭૫ | ૧૩૯૦ |

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૩૦ | ૧૫૪૪ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૫૦ | ૧૩૧૦ |
| ૩ | મગફળી જી ૨૦ | ૧૦૬૯ | ૧૧૩૧ |
| ૪ | મગફળી બી.ટી. | ૯૬૦ | ૧૦૭૦ |
| ૫ | અડદ | ૧૧૪૦ | ૧૨૬૦ |
| ૬ | ઘઉં | ૫૨૩ | ૬૪૭ |
| ૭ | તલ સફેદ | ૨૦૧૦ | ૨૩૦૦ |
| ૮ | જીરૂ | ૩૯૭૦ | ૪૩૪૦ |
| ૯ | સોયાબીન | ૭૭૮ | ૭૯૦ |
| ૧૦ | ચણા | ૧૧૭૦ | ૧૨૨૦ |

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૬૦ | ૧૧૨૪ |
| ૨ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૬૧૦ |
| ૩ | તલ કાળા | ૩૦૦૦ | ૪૬૦૧ |
| ૪ | તલ પીળા | ૨૪૦૧ | ૨૮૦૦ |
| ૫ | કપાસ | ૧૩૦૦ | ૧૫૦૧ |
| ૬ | બાજરો | ૫૦૧ | ૭૭૧ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૨૫ | ૬૭૬ |
| ૮ | જુવાર | ૮૨૦ | ૯૦૦ |
| ૯ | મગ | ૧૧૦૦ | ૨૪૦૧ |
| ૧૦ | અડદ | ૯૦૦ | ૧૬૦૧ |
| ૧૧ | ચણા | ૯૯૦ | ૧૨૨૫ |
| ૧૨ | સોયાબીન | ૭૩૮ | ૭૫૮ |

# કયુબાથી આવેલ ડેલિગેશને અમર ડેરી ખાતે ગીર ગાયનાં સંવર્ધન અને એબ્રિઓ પ્રોજેકટની જાણકારી મેળવી






ગીર ગાયના સંવર્ધન અને એબ્રિઓ પ્રોજેકટ જોવા માટે કયુબા દેશથી ભારત આવેલ ડેલિગેશન અમુલ આણંદથી અમર ડેરી અમરેલીની મુલાકાતે આવી પહોચ્યું હતું. દિલીપભાઈ સંઘાણી અને પરશોત્તમભાઈ રૂપાલાના માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લાને રોજગારી પુરી પાડવા માટે સ્થાપેલી સંસ્થા અમર ડેરી દ્વારા દૂધ સંપાદન, પ્રોસેસિંગ અને દાણ ફેકટરી બાદ દેશમાં સૌ પ્રથમવાર સેન્ટર ઓફ એકસેલેન્સ ગીર ગાય સંવર્ધન કેન્દ્ર ઈ.ટી.વાઈ.વી.એફ લેબ પ્રોજેકટની સ્થાપના થઈ રહી હોય જેને જોવા માટે કયુબા દેશના ડેલિગેશનને ભારત સરકારે અમુલ ફેડરેશનથી અમર ડેરી ખાતે મોકલ્યા હતા. ડેરીના ચેરમેન અશ્વિન સાવલીયા તથા એમ.ડી ડો.આર.એસ.પટેલ અને ઉપસ્થિત રહી ડિરેકટરોઓ દ્વારા મિસ્ટર અલઈન–પ્રેસિડેન્ટ ઓફ લાઈવ સ્ટોક એનિમલ ગૃપ રીપ્લીક ઓફ કયુબા દેશનું ડેલિગેશનનું હદયપુર્વક આવકારી સ્વાગત કર્યુ. અમર ડેરી અમરેલી ખાતે કયુબા દેશનું ડેલિગેશન અમર ડેરીની મુલાકાતે આવેલ જેમાં સંઘનાં ચેરમેન અશ્વીન સાવલીયા, મિસ્ટર અલઈન–પ્રેસિડેન્ટ ઓફ લાઈવ સ્ટોક એનિમલ ગૃપ રીપ્લીક ઓફ કયુબા, મિસ્ટર અબેલ ડેપ્યુટી હેડ કયુબા એમ્બેસી, અમર ડેરીનાં એમ.ડી.ડી.આર એસ.પટેલ તથા સંઘના ડિરેકટરઓ ચંદુભાઈ રામાણી, અરૂણાબેન માલાણી તથા રેખાબેન કાકડીયા, જનરલ મેનેજર, ફેડરેશન અને સંઘના અધિકારીગણ હાજર રહ્યા હતા. આ ડેલીગેટસ અમર ડેરીમાં ચાલતા ગીર ગાયના સંવર્ધન કેન્દ્ર 'સેન્ટર ઓફ એકસેલેન્સ' અને ઈ.ટી. આઈ.વી.એફ લેબોરેટરીમાં ગીર ગાયના સંવર્ધન અને એબ્રિઓ ઈટીઆઈવીએફ દ્વારા નસ્લ સુધારણા કરી પશુપાલકોને દૂધ ઉત્પાદન વધારીને આર્થિક સમૃધ્ધિ વધે તે અંગેની વિસ્તુત માહિતી ચેરમેન તથા ડિરેકટરોની ઉપસ્થિતિમાં સંઘના એમ.ડી. ડો.આર.એસ.પટેલ, ડો. એસ.પી.ધ્રાંગુ અને ડો. રાઘવેન્દ્ર કુમાર અને ડો.યશ વઘાસીયા દ્વારા આપવામાં આવેલ જે જાણી તેઓ ખુબ પ્રભાવિત થયા હતા. આ સાથે સેન્ટર ઓફ એકસેલન્સના પ્રોજેકટની જીણવટપુર્વક નિરિક્ષણ કરી કયુબા દેશના તેમના વેટરનરી ડોકટરને આ સેન્ટર ખાતે ટ્રેનિંગ આપવા અંગે માંગ કરી અને ગીર ગાયનાં તૈયાર એબ્રિઓને ખરીદવા પણ માંગણી કરી હતી. તેમજ જી.સી.એમ.એમ.એફ આણંદના અધિકારી ડો. પ્રકાશ ઠાકોર દ્વારા જણાવવામાં આવેલ કે દેશમાં ગીર ગાયના સંવર્ધન માટેની આવી વ્યવસ્થાઓ કયાય જોવા મળેલ નથી. આ ગીર ગાયના સંવર્ધન કેન્દ્ર થકી આવતા દિવસોમાં વધુ દૂધ ઉત્પાદન કરતી ઓલાદ ખુબ ઝડપથી મેળવી દુધ ઉત્પાદન ક્ષેત્રે નવી ક્રાંતિ લાવી શકાશે તેમ અમર ડેરીની અખબારી યાદીમાં જણાવેલ હતું.

## જિલ્લાનાં પોલીસ અધિકારીઓ અને રાજકીય આગેવાનો પાસે સમસ્યાનું કોઈ સમાધાન નથી

# અમરેલીનાં બહુચર્ચિત લેટરકાંડમાં દિ'ઉગેને નવા ધડાકા-ભડાકા

**છેલ્લા ૧૦ દિવસથી ચર્ચાના ચકડોળે ચડેલા ઘટનાથી સમગ્ર રાજયમાં જિલ્લાનું નામ ગાજી રહ્યું છે**

**પોલીસ વિભાગનાં ઉચ્ચ અધિકારીઓ અને સત્તાપક્ષનાં મોટા ગજાના કોઈ અગ્રણી યોગ્ય માર્ગ શોધી શકતા નથી**

**એક યુવતીની ખોટી રીતે ધરપકડ થયાની બાબતે તંત્ર અને નેતાઓ ચક્કરે ચડી ગયા**

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને રાજયનાં પોલીસવડાએ દરમિયાનગીરી કરવી જરૂરી બની**

અમરેલી, તા.૮

અમરેલીનાં બહુચર્ચિત લેટરકાંડમાં દિ'ઉગેને અવનવા ધડાકા-ભડાકા થઈ રહયા છે. છેલ્લા ૮ થી ૧૦ દિવસથી પોલીસ અને પોલિટીશ્યનવચ્ચેનોમાહોલગરમાયો છે. વિપક્ષી નેતાઓ બાદ સત્તાધારી પક્ષનાં આગેવાને પણ પોલીસની કાર્યશૈલી અને સત્તાધારી પક્ષનાં એક આગેવાન પર પ્રહારો શરૂ કરતાં આ પ્રકરણમાં નવો વળાંક આવ્યો છે.

અમરેલીતાલુકાભાજપનાં પ્રમુખપદમળવાઅનેનમળવાબાબતે ભાજપમાં ચાલતી આંતરિક જુથબંધીએ 'વરવુ સ્વરૂપ ધારણ કર્યુ, નારાજ જુથે બનાવટી લેટર બનાવીને વાયરલ કર્યો. અને આ પ્રકરણની પોલીસેતપાસકરીનેએકયુવતીસહિત ૪ વ્યકિતઓ ઉપર ગંભીર પ્રકારની ફરિયાદ નોંધાવીનેવધુતપાસશરૂ કરી.

દરમિયાનમાં યુવતિની રાત્રિનાંસમયે પુછપરછ, જાહેર માર્ગ ઉપર ફેરવવામાં આવી અને બાદમાં મામલો ગરમાયો અનેવિપક્ષીનેતાઓ યુવતીની મદદમાં આવ્યા, મીડિયાએ સચોટ અહેવાલ પ્રસિઘ્ધ કર્યા અને રાજયભરમાં દેકારો થયો, પાટીદાર સમાજનાંઆગેવાનો,ભાજપનાંઅમુક દિગ્ગજો પણ યુવતીની મદદમાં જોડાયા.

દરમિયાનમાં રાજકીય અનેસામાજિકદબાણવધતાંફરિયાદી અને તપાસનીશ અધિકારીએ કોર્ટમાં યુવતી નિર્દોષ હોવાનું જણાવીને આરોપોમાંથી મુકત કરવાની અરજી કરી જે ના મંજુર થઈ છે. અને મામલો વધુનેવધુ ગુચવાઓ, પોલીસઅધિક્ષકે સમગ્ર વિવાદ તપાસ માટે સ્પેશ્યલ ઈન્વેસ્ટિેશન ટીમની રચના કરી અને તપાસશરૂથતાંતેમાંપણવિવાદવકર્યો.

છેલ્લા ૮-૧૦ દિવસથી ચકચારીબનેલઆબનાવનુંસમાધાન થાય તે માટે મહત્વનાં અધિકારીઓ કે સતા પક્ષનાં આગેવાનો પ્રયાસ કરતા નથી. અને નિદોષ યુવતીનાં આધારે આક્ષેપ -પ્રતી આક્ષેપનો સિલસિલો શરૂ રહેલ છે.

આ પ્રકરણમાં રાજયનાં મુખ્યમંત્રી અને રાજયનાં પોલીસ વડાએદરમિયાનગીરીકરીનેજે કોઈ દોષિત હોય તેનો પર્દાફાશ કરવો જોઈએ અને સમગ્ર રાજયમાં અમરેલીન ઘટનાને લઈને જે નારાજગી ઉભી થઈ છે. તેનું નિરાકરણકરવુંજોઈએતેવીસૌઈચ્છે છે.

---

### પૂર્વ સાંસદ વિરૂઘ્ધ ગંભીર આરોપ

## દેવભૂમિ દેવળીયાનાં સરપંચનાં પતિ નાથાલાલ સુખડીયાને પરોક્ષ રીતે મારી નાખવાની ધમકી

**સિટી પી.આઈ.ને અરજી આપી હકીકત જણાવી**


અમરેલી, તા.૮

દેવભૂમિ દેવળીયાનાં સરપંચ પતિ નાથાલાલ સુખડીયાએ સિટી પી.આઈ.ને લેખિતમાં અરજી આપી છે.

તેઓએ જણાવેલ છે કે, આજરોજમને૧૦:૫૦કલાકેસવારના મારા ભાણેજ ચેતનભાઈ દિનેશભાઈ ધાનાણી રહે. લાલાવદરના ફોન નંબર ૯૪૨૯૨૭૬૩૧૦નામનેફોનઆવેલ કે મને નારણભાઈ કાછડીયાએ વોટસએપ કોલ નંબર ૯૦૧૩૧ ૮૦૧૮૨ ઉપરથી આજરોજ તા.૦૮/૦૧/૨૦૨૫ના રોજ સવારે ૧૦:૪૮ મિનિટે ફોન કરીને એવું કહેલ છે કે તારા મામા નાથાલાલ સુખડિયાને સમજાવી દેજે મારી બાબતેની ગૌચર દબાણ બિનખેતી જમીન બાબતનું પ્રકરણ અને ગેરકાયદેસર ખનન અને રોડનાં કૌભાંડ અંગેની તેણે ફેસબુક ઉપર પોસ્ટ મુકી હાઈકોર્ટમાં જવાની વાત કરી છે. અને સમજાવી દેજે નહિતર હવે હું સંસદસભ્યનથીઅનેએનાહુંજાહેરમાં ટાટીયા ભાંગી નાખીશ એને કહેજે અમરેલીની બજારમાં મને સામો ન મળે એવું જણાવતા મારા ભાણેજ ચેતનભાઈએ મને ફોન કરી અને આ હકીકત મને જણાવતાં હું આજરોજ આ લેખિત ફરિયાદ આપું છું કે મને આ વ્યકિત રાજકીય હોય અને અગાઉ પણ ગુનાહિત કૃત્ય કરવા ટેવાયેલ હોય તો ગમે ત્યારે મને કે મારા પરિવારને તેઓ દ્વારા જાનમાલ મિલકતને નુકશાન થાય તો તે અંગેની આ ફરિયાદ તપાસ કરી દાખલ કરવા અંતમાં માંગ કરેલ છે.

---

## ૮ થી ૧૦ જાન્યુઆરી, ''પ્રવાસી ભારતીય દિવસ''



અમરેલી, તા. ૮

ભારતમાં દર વર્ષે ''પ્રવાસી ભારતીય દિવસ''ની ઉજવણી કરવામાં આવે છે. ૧૯૧૫માં ભારતનાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી દક્ષિણ આફ્રિકાથી સ્વદેશ પરત ફર્યા હતા. આ જ દિવસને ભારતની સ્વાતંત્ર્ય લડતમાં મહાત્મા ગાંધીજીનાં આગમનનાં દિવસ તરીકે ગણવામાં આવે છે. તેથી આ દિવસને ''પ્રવાસી ભારતીય દિવસ'' તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસ મુખત્વે ૯ જાન્યુઆરીનાં દિવસે ઉજવાય છે. આ દિવસ પ્રવાસી ભારતીયો અને ભારતીય મૂળનાં લોકોનાં યોગદાનને બિરદાવવા માટે ખાસ ઉજવવામાં આવે છે.

પ્રવાસી ભારતીય દિવસ એ વિદેશ મંત્રાલય દ્વારા યોજવામાં આવતી મુખ્ય યોજનાઓ પૈકી એક છે જે વિદેશમાં સ્થાયી થયેલા ભારતીયો સાથે જોડાવવા અને સંકળાયેલા રહેવા માટે એક મહત્વપૂર્ણ મંચ પૂરો પાડે છે. આ મંચ પ્રવાસી ભારતીયોનાં ભારત પ્રત્યેનાં વિચાર, ભાવનાની અભિવ્યકિત, દેશવાસિઓ સાથે સકારાત્મક વાતચીત માટે ઉપલબ્ધ કરવામાં આવ્યો છે. તેનો મુખ્ય ઉદેશ્ય વિનાં તમામ દેશોમાં પ્રવાસી ભારતીયોનું નેટવર્ક બનાવવું, યુવા પેઢીને પ્રવાસીઓથી જોડવી, વિદેશમાં રહેનાર ભારતીય શ્રમજીવિઓની મુશ્કેલીઓ જાણવી અને તેને દૂર કરવી અને ભારત પ્રત્યે પ્રવાસીઓને આકર્ષિત કરવા અનેરોકાણ કરવાની તકો વધારવાનો છે. આ રીતે દેશનો સંબંધ અન્ય દેશો સાથે મજબુત બને છે અને અંતે દેશના વિકાસમાં મદદ મળે છે. જે લોકો વિદેશમાં રહીને કોઈ ન કોઈ ક્ષેત્રમાં કાર્યરત છે તે પોતાનું જ્ઞાન રાષ્ટ્ર સાથે વહેંચીને દેશના લોકોનાં અંગત વિકાસમાં મદદરૂપ થાય છે અને આ રીતે દેશનો સર્વાંગી વિકાસ શકય બને છે. વિદેશમાં રહીને વિભિન્ન ક્ષેત્રોમાં કાર્ય કરતા લોકો દેશની પુંજી છે. એક રીતે તે દેશનો ગર્વ છે માટે તેમના હિત માટે, તેમના યોગદાનને બિરદાવવું જ રહ્યું.

---

## ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ અપનાવીએ, જમીન પ્રદુષણ અટકાવીએ

અમરેલીતા.૮

શું આપણે જમીન પ્રદૂષણ વિશેજાણીએછીએ? જમીનપ્રદૂષણએટલે શું? ચાલો, સમજવાપ્રયત્ન કરીએ. સરળ ભાષામાંજમીનપ્રદૂષણએટલેજમીનમાં દૂષકોનોપ્રવેશથવો.જમીનપ્રદૂષણથવા માટે મુખ્ય ચાર કારણો જવાબદાર છે. (૦૧) કૃત્રિમખાતરનોઅવિવેકીઉપયોગ કરવો (૦૨) કીટનાશકોનો અવિવેકી ઉપયોગ કરવો (૦૩) ઘનકચરાને જમીનમાં દાટવો અને (૦૪) જંગલ વિસ્તારનો વિનાશ થવો. જમીન એ અન્નપૂર્ણા છે. ગૌઆધારિતપ્રાકૃતિક કૃષિ થકી જમીનને પ્રદૂષિત થતી અટકાવી શકાયછે. ગૌઆધારિતપ્રાકૃતિક કૃષિ થકી જમીનનીફળદ્રુપતા પણવધારીશકાયછે. ગૌઆધારિત પ્રાકૃતિક કૃષિમાં જંતુનાશક દવાઓ અને રાસાયણિક ખાતરનો ઉપયોગ કરવામાં આવતો નથી. સાથે જીવામૃત (દેશી ખાતર) થકી જમીનની તાકાતમાં વધારો કરવામાં આવે છે અને તેનીફળદ્રુપતાવધારવામાંઆવેછે.પાકને વિકસવામાટેજેસંસાધનજોઈએતેએમનાં મૂળ પાસેની જમીન અને પાનપાસેના વાતાવરણમાંજ પૂરતાપ્રમાણમાંહોયછે, ઉપરથી કંઈપણ આપવાની જરૂર નથી. આપણાપાકજમીનમાંથી ૧.૫થી૨.૦ટકા તત્વ લે છે. બાકીના ૯૮ ટકાથી વધુ તત્વો હવા, સૂર્યપ્રકાશઅનેપાણીમાંથીલેછે. આમ, હવાઅનેપાણીથીજ પાકનું૯૮ ટકાશરીર બને છે. ઝાડ અને છોડનું શરીર એ પાંચ મહાભૂતનો ભંડાર છે. પ્રાકૃતિક ખેતીમાં છોડનાવિકાસમાં પૃથ્વી, જળ, હવા, અગ્નિ અને આકાશનું સંયોજન છે. ઉલ્લેખનીય છે કે, છોડ અથવા વૃક્ષનું કોઈપણ લીલું પાન દિવસદરમિયાનપ્રકાશ સંશ્રલેષણક્રિયાથી ખોરાકબનાવેછે, પાનએખોરાકબનાવવાનું કારખાનું છે. ભારતીય દર્શનશાસ્ત્ર મુજબ પાંચમહાભૂતની (પંચતત્વ) સંખ્યામુળભૂત રીતે પાંચ જ છે. આ પાંચ તત્વો એ તમામ ૧૦૮ તત્વોથી બનેલ છે. ઝાડ અને છોડના વિકાસમાં૨૭નક્ષત્રો અને દરેકનક્ષત્રના ૪ પ્રકાર એમ તમામની ઊંડી અસર થાય છે. દરેકનક્ષત્રમાં સૂર્યનાકિરણોની તીવ્રતાઅને દરેક નક્ષત્રમાં છોડની બનાવટ પણ જુદી-જુદી હોય છે. ૨૭ નક્ષત્રોમાં દરેકના ૦૪ ચરણ એટલે કુલ ૧૦૮ નક્ષત્ર ગણી શકાય. તત્વોનું વિભાગીકરણ કુલ ૦૪ વિભાગમાં કરી શકાય છે.

(૦૧) પ્રથમ વિભાગ - આ વિભાગમાં કાર્બન, હાઈડ્રોજન અને પ્રાણવાયુ (ઓક્સિજન) આમ ત્રણતત્વોનો સમાવેશ હોય છે.

(૦૨) બીજો વિભાગ - આ વિભાગમાં નાઈટ્રોજન, ફોસ્ફરસ અને પોટાશ આમ ત્રણ તત્વોનો સમાવેશ થાય છે. (૦૩) ત્રીજો વિભાગ - આ વિભાગમાં કેલ્શિયમ, મેગ્નેશિયમ અને ગંધક (સલ્ફર) આમ ત્રણ તત્વોનો સમાવેશ કરવામાં આવે છે. (૦૪) ચતુર્થ વિભાગ - આ વિભાગમાં સુક્ષ્મ ખોરાકી તત્વની સંખ્યા ૯૯ હોય છે. આ તમામ સૂક્ષ્મ તત્વોને ખોરાકી તત્વો તરીકે ઓળખવામાં આવે છે. જમીનનું પ્રદૂષણ અટકાવવા માટે આપણે ખેતી લાયક જમીનમાં રાસાયણિક ખાતરોનો બેફામ ઉપયોગ બંધ કરવો જરૂરી છે. સાથે કીટનાશકો કે જંતુનાશક કેમિકલયુક્ત દવાઓનો ઉપયોગ સદંતર કાયમ માટે બંધ કરવો જરૂરી છે. આ ઉપરાંત પરંપરાગત કૃષિ પદ્ધતિ છોડીને ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ તરફ આગળ ધપવું પડશે. ગૌઆધારિત કૃષિ આજના સમયની તાતી જરૂરીયાત છે.

**આલેખન : ધર્મેશ વાળા**

---

### દેવભૂમિ દેવળીયાનાં નાથાલાલ સુખડીયાની માંગ

## અમરેલીનાં ધારાસભ્ય કૌશિક વેકરિયાને બદનામ કરવાનાં કાવતરાની તપાસ કરાવો

**નિષ્ઠાવાન અધિકારી નિર્લિપ્ત રાયનાં નેતૃત્વમાં તપાસ જરૂરી**

અમરેલી, તા.૮

અમરેલીનાં ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાને ખોટી રીતે બદનામ કરવા અને સરકાર પ્રત્યે અરાજકતા અને અસ્થિરતા ઉભી થાય તેવાબદઈરાદાઓથીસમાજમાંભાજપ પ્રત્યે લોકોને વિમુખ કરવાનાં ગંભીર કાવતરાનાં મૂળ સુધી કરવા ઈમાનદાર ઓફિસર એવાનિલિપ્તરાયનાવડપણ હેઠળ તપાસ થવી જરૂરી છે. લોકમુખે ચર્ચાતીબાબતોઅત્યંત ગંભીર છે. જેમાં ભાજપનાં પુર્વ સાંસદએ ઉપરોકત આરોપીઓને દુષ્પપ્રેરણા આપી સરકારની બદનામી થાય તેવી યોજના ઘડી કાઢી આમાં તેઓએ જ તેમના ઈ-મેઈલ આઈ.ડી.થી ઉચ્ચકક્ષાએ આવા ડૂપ્લીકેટ લેટરો મોકલી આ કાવતરાને અંજામ આપી પોતાનો મનસુબો પાર પાડવામાં આ હકીકત તપાસની અને સરકાર દ્વારા આના જવાબદારો સામે ઘટનાના મુળ સુધી જઈને કાયદેસર પગલાં ભરવા અંતમાં માંગ કરેલ છે.

---

## ગઢવા(સ્વામીના) પ્રતિભાવંતોને 'ગોરસ ગઢપુર ગૌરવ' એવોર્ડની સન્માનિત કરાશે

ગઢડા(સ્વામીના), તા.૮

ગઢડા(સ્વામીના) શહેરના અનેકયુવક-યુવતીઓએપોતાનીધગશ અને મહેનતથી ધ્યેય પૂર્વક સફળતા મેળવીપોતાનીઉચ્ચકારકિર્દીથકીદેશભરમાં અનેક જગ્યાઓ ઉપર ફરજ બજાવી રહ્યા છે. આવા ૧૨જેટલાપ્રતિભાવંતોને 'ગોરસ ગઢપુર ગૌરવ એવોર્ડ - ૨૦૨૫' થી સન્માનિત કરવાનો ગૌરવપૂર્ણસામાજીક કાર્યક્રમ યોજી વતન પ્રેમીઓ તરફથી વતનના વિરલાઓને યુવાનો માટે પ્રેરક બનવાબદલસન્માનિતકરવામાંઆવશે.

ગઢડાખાતેછેલ્લાબારવર્ષથી વધારે સમયથી વિના મૂલ્યે સાહિત્ય સેવા પૂરી પાડતા 'ગોરસ સંપાદક મંડળ' દ્વારા જુદા જુદા સામાજિક કાર્યક્રમો યોજવામાં આવેછે. જેઅંતર્ગતવતનનીધૂળમાંરમીને સમયાંતરે દેશભરમાંજુદીજુદીજગ્યાઓ ઉપર કારકિર્દીમાટેઆરૂઢથયેલાયુવક-યુવતીઓ નવી પેઢી માટે પ્રેરણારૂપ બને અનેવતનનીસાથે સેતુરૂપ જોડાણ થાય તે માટે ગઢડાશહેર વતીસન્માનિતકરવાનો સંકલ્પ કરવામાં આવ્યો હતો. જેના ભાગરૂપેવહીવટીક્ષેત્રે કલાસ-૧ અથવા તેની ઉપર, મેડીકલ ક્ષેત્રે ડી.એમ., લશ્કરમાં વિશિષ્ટ હોદ્દો ધરાવનાર, ડિગ્રી કોઈપણ હોય પરંતુ સર્વોચ્ચ સન્માનજનક પદ ધરાવનાર, કલા, સંગીત, રમતગમતક્ષેત્રેરાષ્ટ્રીયઅને આંતરરાષ્ટ્રીયસ્તરેએવોર્ડપ્રાપ્તવ્યક્તિઓ માટે 'ગોરસ ગઢપુર ગૌરવ એવોર્ડ - ૨૦૨૫' થી સન્માનિત કરવા માટે અગાઉથીનામસૂચનકરવાકાર્યવાહીહાથ ધરાઈ હતી. જેદરમિયાનનિયતકારકિર્દી ધરાવતાઉમેદવારોનીમળેલીયાદીમુજબ ૧૨ યુવક- યુવતીઓને સન્માનિત કરવામાં આવશે. આ સામાજીક કાર્યક્રમ વિવેકાનંદ જયંતિ (યુવા દિવસ) તા.૧૨ જાન્યુઆરી ૨૦૨૫, રવિવારે સવારે ૧૦:૦૦કલાકેપટેલસમાજનીવાડીખાતે જાણીતા લોક વૈજ્ઞાનિક અને પ્રતિષ્ઠિત સંસ્થા લોક ભારતી- સણોસરાના મેનેજીંગટ્રસ્ટીઅરૂણભાઈ દવેનાઅધ્યક્ષ સ્થાને શહેરના અગ્રણીઓ અને નિમંત્રિત નાગરીકોની ઉપસ્થિતિમાંયોજાશે.

આ એવોર્ડ સન્માન માટે મૂળ ગઢડાના વતનીઓ આનંદબેન ખાચર (કલાસ-૧, ડેપ્યુટી ડાયરેકટર, રાજકોટ અને જામનગર- ઈન્ચાર્જ જોઈન્ટ ડાયરેકટર સૌરાષ્ટ્ર ઝોન વિઝિલન્સ સોશ્યલ વેલ્ફેર), બરકત વેલાણી (ડેપ્યુટી વાઈસ પ્રેસીડન્ટ, ટુવ્હીલર ફાઈનાન્સ ડિપાર્ટમેન્ટ, એચડીએફસી બેંક, દિગ્વિજયજોગીયા કલાસ-૧, પી.એસ. ટુ વન પર્યાવરણ, જળવાયુ પરિવર્તન, જળ સંશોધન અને પાણી પુરવઠા ખાતુ ગાંધીનગર), ડો. સેજલઅજમેરા (આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત ગાયનેક-મુંબઈ), ગૌરવ પંડયા (કલાસ-૧, સંયુક્ત સચિવ, ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન, ગાંધીનગર), ડો. હિરેન કેવડિયા (ડી. એમ.- કાર્ડીયોલોજી - અમદાવાદ), ડો. હીના પરમાર કલાસ-૧, ડર્મોટોલોજીસ્ટ - સાવરકુંડલા), ડો. જયશ્રી પરમાર (મેજર ઈન્ડિયન આર્મી, દિલ્હી), ડો. કપિલ પંડયા (કલાસ-૧, એમ.ડી. સરકારી આયુર્વેદ હાસ્પિટલ, તળાજા), ડો. મનન વાઘેલા (ડી.એમ.-મેડિકલ એન્કોલોજી, કેન્સર નિષ્ણાંત, ભાવનગર), ગોરલ અજમેરા (ઓસ્કર સમકક્ષ જાહેરખબર ક્ષેત્રનો પ્રતિષ્ઠિત ફ્રાન્સનો કાન્સ ગોલ્ડ મેડલ બે વખત વિજેતા), તુષાર જોષી (કલાસ-૧ સંયુક્તસચિવ, સી.એમ.ઓ. આફિસ, ગોવા) નો સમાવેશ થવા પામેલ છે.

---

### સુરક્ષા સોસાયટી અંતર્ગત

## સાવરકુંડલા : માબાપનું ઘર વૃઘ્ધાશ્રમ ખાતે ગરમ ધાબળાનું વિતરણ કરાયું

**તાલુકા પોલીસ દ્વારા સેવાકીય કાર્ય કરાયું**



સાવરકુંડલા, તા. ૮

એક તરફ શિયાળાની કડકડતી ઠંડી અને આ કડકડતી ઠંડીમાં જયારે દેહ ઠંડીથી થરથર ધ્રુજી રહ્યો હોય ત્યારે જરૂરિયાતમંદ લોકોને ગરમવસ્ત્રો કે કપડાંની જરૂરિયાત ઉભી થાય એ સ્વાભાવિક છે. આ દુનિયામાં એવા લોકો પણ છે જેને આ તમામ સગવડો ઉપલબ્ધ ન પણ હોય. આવા લોકોને માનવીય દ્રષ્ટિકોણ રાખીને મદદરૂપ થવું એ નૈતિક ફરજ સમજી સાવરકુંડલા રૂરલ પોલીસ આવા લોકોને મદદરૂપ થવાનો નમ્ર પ્રયાસ કરી રહી છે. આમ સાવરકુંડલા શહેરમાં શિયાળામાં ઠંડીથી બચવા વડીલોને હૂંફ આપવા માટે સુરક્ષા સેતુ અને અમરેલી જિલ્લા પોલીસ હેઠળ સાવરકુંડલા કુંડલા રૂરલ પોલીસ કડકડતી ઠંડીમાં વૃધ્ધોની વ્હારે આવી હતી સા. કુંડલા શહેરમાં આવેલ માં બાપનું ઘર જેમાં માનસિક અને મનોરોગી વૃધ્ધોના નિવાસ કરે છે. આવા વૃધ્ધાશ્રમ ખાતે સા. કુંડલા રૂરલ પોલીસ રૂબરૂ પહોંચી ઠંડીમાં હૂંફ આપવા માટે બ્લેન્કેટ ધાબળાનું વિતરણ કરતી જોવા મળી જેમાં એએસપી વલય વૈદ્ય, રૂરલ પીઆઈ ચૌધરી પીએસઆઈ મુસાર તેમજ મહિલા પોલીસ શી ટીમ અને પોલીસ સ્ટાફ દ્વારા સેવાકીય પ્રવૃત્તિ કરી સેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડયું હતું.

---

### કોંગ્રેસનાં પ્રવકતા ડો. મનિષ દોષીનો આક્ષેપ

## ગુજરાતમાં કહ્યાગરા કુલપતિઓની નિયુક્તિથી ઉચ્ચશિક્ષણની હાલત અતિ કંગાળ બની

**યુ.જી.સી.નાં ધારાધોરણ મુજબ પગાર, ભથ્થાનો લાભ લે છે**

અમદાવાદ, તા. ૮

ભાજપ સરકાર કુલપતિઓના નિમણૂકમાં ધારાધોરણ અંગે આંખ આડા કાન કરી રહી છે જેના લીધે શિક્ષણ વ્યવસ્થાને ભારે નુકશાન થઈ રહ્યું છે, યુ.જી.સી.ના ધારાધોરણ મુજબ પગાર ધોરણ, વિશેષ લાભ અને સુવિધા લઈ રહ્યાં છે અને બીજી બાજુ યુ.જી.સી.ના ધારાધોરણ મુજબ શૈક્ષણિક લાયકાત ન ધરાવતા હોય તે કુલપતિઓને શિક્ષણના હિતમાં તાત્કાલીક અસરથી દુર કરવાની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશી અને ડો. નિદત બારોટે જણાવ્યું હતું કે, છેલ્લા ૧૫ વર્ષમાં ગુજરાતની અનેક યુનિવર્સિટીમાં લાયકાત વગરના કુલપતિઓની ભાજપ સરકારે નિયુકિત કરી. કહ્યાગરા કુલપતિઓની નિયુકિતથી ગુજરાતનું ઉચ્ચશિક્ષણ ખાડે ગયું. એમ.એસ. યુનિવર્સિટીના લાયકાત નધરાવતા કુલપતિ ડો. વાસ્તવને કાર્યકાળ પૂરો થવાને માત્ર એક મહિનો બાકી છે ત્યારે અંતે રાજીનામું આપવાની ફરજ પડી. વાસ્તવને જે સમયે કુલપતિ પદે નિયુકત થયા તે સમયે જ તેમની શૈક્ષણિક લાયકાત, અનુભવ અને કુલપતિપદ માટેની જરૂરી માપદંડોનું સરેઆમ ઉલ્લંઘન અંગે પુરાવા સાથે ફરિયાદ થઈ હતી. વાસ્તવને કુલપતિ બનવા માટે પ્રોફેસર તરીકેનો ૧૦ વર્ષનો અનુભવ ન હતો. એમ.એસ. યુનિવર્સિટીના કુલપતિ તરીકે વાસ્તવ લાયકાત ધરાવતા ન હોવાનું જાણવા છતાં અન્ય યુનિવર્સિટીઓને હોદ્દાઓની ખોટી વિગતો જાહેર કરી હતી. એટલે કે સદ્દંતર ખોટી અને બનાવટી વિગત સાથે બાયોડેટા તૈયાર કરેલ જે ઘણુ ગંભિર હોવા છતાં ભાજપ સરકારે તમામ રજુઆતોને આંખ આડા કાન કર્યા હતા પણ ગુજરાત હાઈકોર્ટમાં સમગ્ર બાબત ખુલ્લી પડી જતાં અંતે ભાજપ સરકારે ચામડી બચાવવા રાજીનામું લઈને ઠાંકપીછોડો કરવાનું કામ કર્યુ છે. સરદાર પટેલ યુનિવર્સિટીના લાયકાત ન ધરાવતા કુલપતિ શિરીષ કુલકર્ણીની નિયુકિત સુપ્રિમ કોર્ટે રદ કરી હતી અને ઐતિહાસીક ચુકાદામાં સ્પષ્ટપણે ગુજરાત સરકાર યુ.જી.સી.ના ધારાધોરણ અને શૈક્ષણિક લાયકાતોનું પાલન કરવા નિર્દેશ કર્યો હતો તેમ છતાં ગુજરાત યુનિવર્સિટીમાં જે તે સમયના કુલપતિ હિમાંશુ પંડયા, નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિ ચેતન ત્રિવેદી, ટીચર્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદ પટેલ, ચિલ્ડ્રન યુનિવર્સિટીના હર્ષદ શાહ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નિતિન પેથાણી, કમલેશ જોશીપુરા, ભાવનગર યુનિવર્સિટીના એસ.એન. ઝાલા, વીર નર્મદ યુનિવર્સિટીના શૈલેન્દ્ર ગુપ્તા એ ધારાધોરણને ઉલ્લંઘન કર્યાની વ્યાપક ફરિયાદ છતાં જે તે યુનિવર્સિટીમાં કુલપતિ પદનો કાર્યકાળ પુરો કર્યો, તમામ યુ.જી.સી.ના પગાર સહિતના લાભો મેળવ્યાં, જે ભાજપ સરકારની શિક્ષણ પ્રત્યેની ઉદાસીનતા અને આર.એસ.એસ. ભાજપ સહિતની ભગીની સંસ્થાના વ્યકિતઓની શિક્ષણના ભોગે સાચવવાની નીતિને ઉજાગર કરે છે. યુ.જી.સી.ના ધારાધોરણ લાયકાત ન ધરાવતા કુલપતિઓને તાત્કાલિક અસરથી તેમના હોદ્દા પરથી દૂર કરવા માટે મહામહિમ રાજયપાલ અને મુખ્યમંત્રી સમક્ષ કોંગ્રેસ પક્ષ પુનઃ માંગણી કરે છે.

---

## લાઠી : તા.૨૨ જાન્યુઆરીએ તાલુકા સ્વાગત ફરિયાદ

લાઠી, તા. ૮

અમરેલી તા.૭જાન્યુઆરી, ૨૦૨૫ મંગળવાર લાઠી તાલુકાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૨ જાન્યુઆરી, ૨૦૨૫ ને બુધવાર રોજ સવારે ૧૧ કલાકે લાઠી તાલુકા મામલતદાર કચેરીખાતે યોજાશે.

તાલુકા કક્ષાના અધિકારવાળા સરકારી બાકી કામો માટે અરજદાર અંગતપ્રશ્નો રજૂ કરવા માંગતા હોય તે નાગરિકોએ સામૂહિક કે નીતિ વિષયક પ્રશ્નો સિવાયના પ્રશ્નો તા.૧૬ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ બપોરે ૦૩ વાગ્યા સુધીમાં લાઠી તાલુકા મામલતદાર કચેરી ખાતે રૂબરૂ અથવા પોસ્ટ મારફતે મોકલવા.

અરજીના મથાળે 'તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' અવશ્ય લખવું, તેમ લાઠી તાલુકા મામલતદારએ એક યાદીમાં જણાવ્યું છે.

## ગુજરાત હાઈકોર્ટનાં એડવોકેટ આનંદ યાજ્ઞિકનું નિવેદન

# અમરેલીની પીડિત યુવતી પોલીસની ''સીટ''ને સહયોગ નહી કરે

હાઈકોર્ટનાં એડવોકેટે પીડિત યુવતીને લઈને પોલીસ અધિક્ષક સંજય ખરાતને રૂબરૂ મળી રજૂઆત કરી

પીડિત યુવતી સહિતનાં ૪ નિર્દોષ કથિત આરોપીઓને પોલીસે માર માર્યાનો એડવોકેટે કર્યો આક્ષેપ

પોલીસ અધિક્ષકની હાજરીમાં જ આરોપીઓને માર મારવામાં આવ્યો હોવાથી તેમની રચિત ''સીટ'' મંજૂર નથી

આગામી કલાકોમાં હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરવામાં આવશે



અમરેલી, તા. ૮

અમરેલી સહિત રાજયભરમાં ચકચારી બનેલ લેટરકાંડની ઘટનાને અનુલક્ષીને નિર્દોષ યુવતી સહિતનાં અન્ય ૩ આરોપીઓને પોલીસે માર માર્યો હોવાનાં આક્ષેપ વચ્ચે હાઈકોર્ટનાં એડવોકેટ આનંદ યાજ્ઞિક અમરેલી આવી પહોંચ્યા હતા.

તેઓએ આજે વિઠ્ઠલપુર ગામે પીડિત યુવતીની મુલાકાત લઈને સઘળી વિગતો એકત્ર કરી હતી અને બાદમાં તેઓ પીડિત યુવતી સાથે અમરેલી ખાતે પોલીસ અધિક્ષક સંજય ખરાતને રૂબરૂ મળીને બાદમાં પત્રકારો સમક્ષ વિગતો રજૂ કરી હતી.

તેઓએ જણાવ્યું કે, તેઓએ પોલીસ અધિક્ષક સમક્ષ ૪ બાબત રજૂ કરી છે. જેમાં નિર્દોષ યુવતી સહિતનાં ૪ આરોપીઓને પત્રકાર પરિષદ બોલાવીને મીડિયા સામે ઉભા રાખીને આરોપીઓ એ ખૂની કે ડ્રગ્ઝ પેડલર હોય તેમ તેને બંધારણ ધ્વારા મળેલ મર્યાદા અને વિવેકનો ભંગ કર્યો છે.

અનુસંધાન પાના ૬ ઉપર

### કરણ વિનોદરાય બારૈયા નામનાં

## જાફરાબાદનાં ર૪ વર્ષિય માચ્છીમાર યુવકનું દરિયામાં પડી જવાથી મોત

અમરેલી, તા. ૮

જાફરાબાદના સામાકાંઠા વિસ્તારમાં રહેતા કરણ વિનોદભાઈ બારૈયા નામના ર૪ વર્ષિય માછીમાર યુવક તા. ૧ ના રાત્રીના અગિયારથી તા.

અનુસંધાન પાના ૬ ઉપર


## પ્રાર્થના સભા



### સ્વ. ભરતભાઈ કાંતિલાલ રાજા

સ્વ.તા. ૦૭-૦૧-૨૦૨૫, મંગળવાર(ઉ.વર્ષ-૭૫)
મું.અમરેલી, હાલ અમદાવાદ

મનુષ્યનું જીવન મળવું એ ભાગ્યની વાત છે, મૃત્યુ થવુ એ સમયની વાત છે, પરંતુ મૃત્યુ પછી પણ મનુષ્યના હૃદયમાં જીવીત રહેવુ એ જીંદગીમાં કરેલા કર્મોની વાત છે, તમે અમારા હૃદયમાં સ્મૃતિરૂપે કાયમ જીવીત છો, ભગવાન આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ અમારી પ્રાર્થના...

શ્રદ્ધાંજલિ અર્પતા સ્નેહીજનો

| | |
|---|---|
| સ્વ. કાંતિલાલ હીરજીભાઈ રાજા (દાદા) | ગં.સ્વ.મીનાબેન ભરતભાઈ રાજા (પત્ની) |
| પિયુષભાઈ ભરતભાઈ રાજા (પુત્ર) | પ્રતીક્ષાબેન ભરતભાઈ રાજા (પુત્રી) |
| શરદભાઈ ભરતભાઈ રાજા | બીનાબેન પિયુષભાઈ રાજા (પુત્રવધુ) |
| મિલનકુમાર (જમાઈ) | નિધિબેન શરદભાઈ રાજા (પુત્રવધુ) |
| પ્રવિણભાઈ, પરેશભાઈ, મનુભાઈ, | સ્વ. હર્ષાબેન કમલેશકુમાર ઉનડકટ |
| રજનીભાઈ, રાજુભાઈ | નિધિ તથા દીક્ષિત (મોટા પપ્પા) |

તા.૦૭/૦૧/૨૦૨૫, મંગળવારના શ્રીજીચરણ પામેલા

બંન્ને પક્ષની પ્રાર્થનાસભા તા.૧૦-૦૧-૨૦૨૫, શુક્રવાર, સાંજે ૩ થી ૫ રાખેલ છે
સ્થળ : જલારામ ગેસ્ટ હાઉસ, ડો.સાવલિયા હોસ્પિટલની સામે - અમરેલી.

પિયરપક્ષ નાનજીભાઈ હરજીવનભાઈ ભીંડોર : (રાજકોટ)ની સાદડી સાથે રાખેલ છે

પિયુષભાઈ - મો.૯૬૮૭૮ ૯૯૯૯૯ | શરદભાઈ - મો.૯૭૨૬૫ ૧૮૦૮૧
રજનીભાઈ - મો.૮૯૮૦૧ ૨૮૨૮૫ | રાજુભાઈ - મો.૯૪૨૬૯ ૬૯૦૮૭



LG Life's Good.

Auto Tub Clean

Keep Dust, Bacteria & Lint away with LG's Auto Tub Clean

Better Hygiene

More Lint removal

Enhanced Durability



LG BEST SHOP
MUKUNDRAI AND BROTHERS
OPP. CAR CARE CENTER, CHAKAR GADH ROAD
AMRELI . 365601
Ph: 9408159606 / 9974772377



Krishna DINING HALL

ક્રિષ્ના ડાઈનીંગ હોલ

અસલ કાઠીયાવાડી આહ્‌લાદક સ્વાદમાં...

ફુલ ગુજરાતી થાળી

પાર્સલ સુવિધા ઉપલબ્ધ

સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ

અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.

પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૭૭૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧

: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૭૨



જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીનાં જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ ગ્રાઉન્ડ ફ્લોરની દુકાન નં.૧૩૭ વેચવાની છે.
:: સંપર્ક કરો ::
શ્રી જેરામભાઈ સોહલીયા
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪








હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે

રિસેપ્સનિસ્ટ (લેડીઝ)
કમ્પ્યુટર તેમજ ૧૨ પાસ
પગાર ધોરણ :
૭,૫૦૦/- થી ૮,૫૦૦/-

નર્સિંગ સ્ટાફ (લેડીઝ)
(નાઈટ માટે) પગાર ધોરણ :
૯,૫૦૦/- થી ૧૨,૦૦૦/-

ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહીં

નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.








હવે આપની ગોળ હોસ્પિટલ અમરેલીમાં....



ડો. રાજેન્દ્ર ત્રિવેદીનો ૩૯ વર્ષોનો ન્યુરો સ્પાઇન ક્ષેત્રે અનુભવ તથા ડો. પુનિત ત્રિવેદીના આધુનિક મેડિકલ સાયન્સનો ડબલ જનરેશન એડવાન્ટેજ

ડૉ.પુનિત ત્રિવેદી
MS DNB (Neurosurgery)
ફેલો ઈન એપિલેપ્સી, બ્રેઈન એન્ડોસ્કોપી એન્ડ સ્કલ બેઇઝ સર્જરી, મગજ, મણકા અને કરોડરજ્જુના નિષ્ણાંત સર્જન

- માથાની ઇજા
- બ્રેઈન હેમરેજ
- ટ્રાઈજેમીનલ ન્યુરાલ્જીયા
- પક્ષઘાત (સ્ટ્રોક)
- એપિલેપ્સીની સારવાર તથા સર્જરી
- મગજ કે કરોડરજ્જુની ગાંઠ
- પિચ્યુટરીની ગાંઠ
- માથાનો દુ:ખાવો (માઇગ્રેન)
- મગજમાં પાણીનો ભરાવો (હાઇડ્રોસેફેલસ)
- મગજની નસમાં મોરલી (એન્યુરીઝમ)
- મણકા અને કરોડરજ્જુની નસની તકલીફો

તારીખ : ૧૦/૦૧/૨૦૨૫ (શુક્રવાર)

એપોઈન્ટમેન્ટ માટે : ૯૯૭૮૯૬૬૬૨૯
સમય : સવારે ૧૦:૩૦ થી બપોરે ૧૨:૩૦ સુધી.
સ્થળ : નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ (ગોળ હોસ્પિટલ) ચિત્તલ રોડ, અમરેલી

તપાસ ફી ૬૦૦/-

NETRA CHIKITSA TRUST MULTISPECIALITY HOSPITAL Managed by Netra Chikitsa Trust - Amreli (ગોળ હોસ્પિટલ)


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)